ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૭ || અંક: ૬ || જૂન ૨૦૨૫ || સળંગ અંક : ૬૪૪

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चरुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# || શ્રદ્ધાંજલિ ||







ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. ડૉ. સી.એલ.પટેલની વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે તા.૨૭/૦૫/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ મઢૂલીમાં તેઓનું તૈલચિત્ર મુકવામાં આવેલ છે ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજીને સ્વ. ડૉ. સી.એલ.પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ રમેશભાઈ તલાટી, વિશાલ એચ. પટેલ તથા કૉલેજના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ડૉ. સી.એલ.પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુન-૨૦૨૫

વર્ષ : ૨૭ અંક : ૬

સળંગ અંક : ૬૪૪

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**

ઉર્વીશ છાયા

**પરામર્શન**

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદક મંડળ**

આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ

ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ

**પ્રકાશક**

ડૉ. એસ. જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**

સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

कर्मण्येवाधिकारस्ते

**પ્રમુખ**

શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ

**ઉપપ્રમુખ**

શ્રી મનીષભાઈ એસ.પટેલ

**અધ્યક્ષ**

શ્રી ભીખુભાઈ બી. પટેલ

**માનદ્ મંત્રી**

ડૉ.એસ.જી.પટેલ

**માનદ્ સહમંત્રીઓ**

શ્રી મેહુલ ડી. પટેલ

શ્રી રમેશ સી. તલાટી  શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

## લવાજમ અંગે નમ્ર વિનંતિ

'વિ-વિદ્યાનગર' ગ્રાહકશ્રીઓને નિયમિતપણે ચોક્સાઈપૂર્વક મોકલવામાં આવે છે. વિ-વિદ્યાનગરના આગામી અંકો પણ આપ સર્વેને નિયમિતપણે મળતા રહે તે માટે આપશ્રીનું **વાર્ષિક લવાજમ જો જમા કરાવવાનું બાકી હોય તો સત્વરે જમા કરાવવા વિનંતિ છે.** જેથી કરીને આપ સર્વેને અંકો મોકલવાની નિયમિતતા જળવાઈ રહે. દિવંગત થયેલા ગ્રાહકશ્રીઓના પરિજનોને અંક ચાલુ રાખવા કે બંધ કરવા તે અંગેની જાણ ચારુતર વિદ્યામંડળના કાર્યાલયને સમયસર કરવા માટે પણ નમ્ર વિનંતિ છે.

**ડો. એસ. જી. પટેલ**
માનદ્‌મંત્રી, ચારુતર વિદ્યામંડળ અને પ્રકાશક વિ-વિદ્યાનગર

**લવાજમ અંગેની વધુ માહિતી માટે**
શ્રી નિકુલભાઈ પટેલ (મો) ૯૯૦૯૯૦૯૮૩૩
ડો. ઉર્વીશ છાયા (મો) ૯૮૨૫૪૦૯૩૯૮
નો સંપર્ક કરી શકાય.


|| પ્રાથમ્ય || બાયો-ક્લોક એટલે તમારું માઈન્ડ સેટ....૩
**એસ.જી.પટેલ**

|| આપણો વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** જીવનચિત્રોની માળા......................૫
**હેલન કેલર (અનુ. મગનભાઈ પ્ર. દેસાઇ)**

|| આપણો વૈભવ અને વારસો || ...................૬
**પદ્ય-વિભાગ : ષષ્ટમદાસ, રવિરામ**

|| નવાં કાવ્યો || .........................................૭
**સુધીર પટેલ, જયંતિભાઈ મ. દરજી, ભગીરથ બ્રહ્મભટ્ટ પુષ્કરરાય જોષી**

|| લઘુકથા || આંખ આડા કાન ...........................૮
**નટવર આહલપરા**

|| અભ્યાસ || સન સત્તાવનનો સંગ્રામ અને ગુજરાતના આદિવાસીઓ ..............................................૯
**અરુણ વાઘેલા**

|| પ્રકલ્પ વિશેષ ||
"માધ્યમ મનગમતું," ઉત્તમ ગુજરાતી................. ૧૯
**રાજેન્દ્રસિંહ જાડેજા**

|| નવલિકા || રણમાં વાવડો ......................... ૨૧
**રજની પટેલ**

|| નિબંધ || સરપ્રાઈઝ ................................૨૬
**ડંકેશ ઓઝા**

|| આયુર્વેદ || આયુર્વેદ કી વિશેષતા : અરિષ્ટ લક્ષણ....૨૮
**વૈદ્ય સારગ ભીંડે, વૈદ્યા અનિતા યાદવ**

|| સંસ્મરણ ||
ભાઈકાકા સાથેના મારા સંસ્મરણો (૧૯૬૬ થી ૧૯૭૦)...૨૯
**અનિલ એમ. પંડ્યા**

|| વિદ્યાવૃત્ત || ...................................૨૦, ૩૫




ISSN 0976-9609

## || પ્રાથમ્ય ||

## બાયો-ક્લોક એટલે તમારું માઈન્ડ સેટ

**એસ.જી.પટેલ**

મોટા ભાગના લોકોને અનુભવ હશે કે જ્યારે પણ બીજે દિવસે સવારના બસ કે ટ્રેન પકડવાની હોય ત્યારે આપણે સવારના છ વાગ્યાનું એલાર્મ મુકીને સૂઈએ છીએ.

તો પણ આપણે આખી રાત ઊંઘતા-જાગતા પસાર કરીએ છીએ. કયારેક તો એલાર્મ વાગે તે પહેલાં જ આપણે ઊઠી જઈએ છીએ.

આને બાયો કલોક (માઈન્ડ સેટ) કહેવાય. મનને આપેલો સંદેશ, એક વિચાર આખા શરીરને તે પ્રમાણે હુકમ કરે છે.

આપણે આપણા મનથી આવા ઘણા એલાર્મ આપણા જીવનમાં જાણ્યે-અજાણ્યે સેટ કરી લીધા હશે.

આપણામાંના ઘણા એવું માનતા હોય છે કે, આપણે ૬૦ વર્ષના થયા એટલે બહુ જીવી લીધું. આપણું શરીર તો એક મશીન છે, જે આ ઉંમરે તો હવે ખોટકાવા જ માંડે.

આવી ખોટી માન્યતાઓ પણ આપણું બાયો કલોક આપણા મનમાં સેટ કરતું રહે છે, અને પછી આપણે ખરેખર બિમારીનો શિકાર થઈએ છીએ, વૃદ્ધત્વ તરફ ધકેલાઈ જઈએ છીએ.

જ્યારે ઘણા લોકો તો આ ઉંમરે પણ આરામથી મસ્ત જીવતા હોય છે. કારણ કે તેમનું બાયોક્લોક તે પ્રમાણે સેટ થયેલું હોય છે.

આપણે પણ આપણું બાયોક્લોક એવી રીતે જ સેટ કરીએ કે જેથી તંદુરસ્ત જીવન જીવીએ.

આપણા જ કેટલાક મિત્રો કે આપણી જાણમાં હોય તેવા કેટલાક લોકો ૭૫ વર્ષની ઉંમરે પણ જુવાની અનુભવે છે, જ્યારે કેટલાક મિત્રો ૬૦ની ઉંમરમાં પણ ખખડી ગયેલા હોય છે.

યાદ રાખો કે Old age is your mind-set, which you yourself has set it.

**લાંબુ અને તંદુરસ્ત જીવવાની કેટલીક સુંદર ટીપ્સ.**

૧. આપણે આપણું પોતાનું બાયોક્લોક એવી રીતે સેટ કરીએ કે આપણે ૧૦૦ વર્ષ સુધી તંદુરસ્ત જીવવું છે. રોજ સવારે હું તંદુરસ્ત છું, હું મસ્ત છું, હું બધું જ કરી શકું છું, મને કોઈ બીમારી નથી. આ દસ વખત બારીની બહાર જોઈને જોરથી બોલો.

આપણા મનમાંથી બધા નકારાત્મક વિચારોને આપણે તિલાંજલિ આપી દેવાની છે.

ઘણા વિચારે કે, આ લાબું જીવન કોને માટે જીવીએ ? આપણે દુનિયાને શા માટે ભારરૂપ થવું જોઈએ ? આવું નકારાત્મક વિચારવાને બદલે આપણે એવું પણ વિચારી શકીએ કે,

આપણું નિર્માણ લોકોની સેવા કરવા માટે અને બધાને ઉપયોગી થવા માટે જ થયું છે.

આપણે હજી ઘણાં કામો કરવાના છે, એટલે જ આપણને કુદરતની અમાપ શક્તિનો ધોધ જોઈશે. બસ આવી રીતે પોઝિટિવ વિચારવાથી આપણું બાયોક્લોક આપોઆપ એવી રીતે સેટ થતું જશે. એટલે સૌથી પહેલું ઈમ્પોર્ટન્ટ કામ :
Throw out negative thoughts from your mind and try to implant positive thoughts.

૨. Look Young : તમારો દેખાવ અને પહેરવેશ એવો રાખો કે તમે સદા યુવાન લાગો. મતલબ તમારા દેખાવ પર ઉંમરનો પ્રભાવ ના પડવા દો. યોગ્ય સારા ફેશનવાળા કપડાં પહેરો. જૂના કપડાંને ઘણા વર્ષો સુધી ઘસેડ્યા ના કરો. પ્રસંગ પ્રમાણે ખૂબ સારી રીતે તૈયાર થઈને જાઓ, જાણે તમારો આ ખાસ પ્રસંગ હોય.

૩. હંમેશા કાર્યરત રહો, કદી નવરા ન પડો. દરરોજ જ ચાલો અને બની શકે તો દોડો.. લોકોને મળવાનું રાખો. લોકોને મદદરૂપ થાઓ. Be Active, Idle mind is devil's workshop.

૪. Keep confidence that your health is improving :

તમારું સ્વાસ્થ્ય ઝડપથી સુધરી રહ્યું છે. તેવો આત્મવિશ્વાસ રાખો. રોજ અરીસામાં પોતાને જોઈને ખુશી અનુભવો. ગર્વ કરો કે હું મસ્ત છું.

Our Mindset is the Reason for Everything.

5. Never allow the Bio-clock to set that you are ending.

હંમેશા સારું જીવન જીવવાની જ આશા રાખો. મરવાના વિચાર તો કદી ના કરો. જે થવાનું હશે તે તેના સમયે થશે જ, પણ તેનો ડર રાખીને તમારું વર્તમાન ના બગાડો. બીમારી તો આવે ને જાય. તંદુરસ્તીના ઉપાયો છે. સમયસર દવા કરાવો. યોગ્ય ભોજન લો, ખુશીથી આરોગો, જીવવા માટે ખાઓ, નહીં કે ખાવા માટે જીવો.

૬. તમારી જાતને કદી નીચી ના સમજો. તમે ખુદ જ સર્વોચ્ચ છો, તમને કોઈ માને યા ના માને, તેનાથી તમને કોઈ ફરક ના પડવો જોઈએ. તમારા જીવનના નિયમો તમારા હોવા જોઈએ. બીજાએ નક્કી કરેલા નહીં. બીજા શું વિચારશે એની ફિકર કરવાની છોડી દો.

તમારાં જ એક મહાન શક્તિ બિરાજેલ છે જે તમને સૂચનો અને માર્ગદર્શન પણ આપે છે.

તમારા બાયોક્લોક (માઈન્ડ સેટ) ને હંમેશાં પોઝિટિવ કમાન્ડ જ આપવાના. તો એની ખૂબ બધી સારી અસર તમારા જીવનમાં અનુભવી શકાશે.

આ આખી જિંદગીની રમત આ માઈન્ડસેટ (બાયોક્લોક) પર જ છે.

તમે જેવા કમાન્ડ્સ તમારા મનને આપશો એવું તે બહાર લાવશે.

ખુશ રહો અને તંદુરસ્ત કરો... મસ્ત રહો, યોગ કરો, રોજ કરો.

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

---

## Think positively, the remaining will come automatically

## Positive quotes for the day, and for life in general.

Being positive is a practice, and it's something we have to work harder at when life hits us where it hurts. Positive quotes help train us to see things differently, and good positive quotes can even pull us through dark times.

Positivity refers both to optimism and to "silver lining" mindsets. In fact, there are a lot of ways to be positive. Use these positive quotes to reframe the world and kick a positive mindset into gear.

When you use these positive quotes in cards, banners, flyers, and other projects, they'll feed the soul.

## || વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ||

### જીવનચિત્રોની માળા

**હેલન કેલર (અનુ. મગનભાઈ પ્ર. દેસાઈ)**

યુનાઈટડ સ્ટેઈટ્સના આલાબામા રાજ્યમાં આવેલા ટસ્કુંબીઆ નામના એક નાનકડા ગામમાં ૧૮૮૦ ના જૂન માસની ૨૭ તારીખે હું જન્મી હતી.

જે માંદગીએ મારાં આંખ અને કાનની શક્તિ હરી લીધી, તે આવતાં સુધી હું એક નાનકડા ઘરમાં રહેલી. દ્રાક્ષ, ગુલાબ અને 'હનીસકલ'ના વેલાઓથી એ ઘર આખું આચ્છાદિત રહેતું; તે એક લતામંડપ જેવું જ લાગતું; ગુંજતાં પક્ષીઓ અને મધમાખીઓનું તે પ્રિય ધામ હતું. એનો બાગ મારે માટે બાળપણમાં સ્વર્ગ સમાન હતો. ફૂલોના એ બાગમાં સુખચેનમાં રખડવાનો કેવો આનંદ આવતો હતો.

દરેક બાળકની જેમ મારા જીવનની શરૂઆત સાદી-સરળ હતી. કુટુંબમાં પહેલા ખોળાના બાળકનું હંમેશ હોય છે. તેમ, આવતાંવેંત મેં બધાંનાં મન હરી લીધાં. પણ મારા સુખી દહાડા બહુ લાંબા ન પહોંચ્યા. રોબીન તથા બીજાં પક્ષીઓથી સંગીતમય બનેલી એક ટુકડી વસંત, ગુલાબ અને ફળોથી ભરચક એક ઉનાળો. નારંગી ને સુવર્ણરંગી એક પાનખર ઋતુઃ આ ત્રણે આવતાંકને ઝપાટાંમાં પસાર થઈ ગયાં. આતુર આનંદિત બાળક આગળ એમની વિભૂતિઓ મૂકતાં ગયાં. પછી અણગમતો ફેબ્રુઆરી માસ આવ્યો અને મને અંધાપો ને બહેરાશ આપનાર માંદગી આવી, જેણે મને પાછી નવા જન્મેલા બાળકના જેવા અજ્ઞાન અંધારામાં પટકી દીધી. પેટ અને મગજ પર જોરથી લોહી ચડી આવ્યું, એમ બધાં કહેતા. દાક્તરને લાગતું કે હું જીવવાની નથી, પરંતુ એક દિવસ સવારના તાવ જેવી આવ્યો હતો. તેવો ગુપચુપ ને ઓચિંતો ઊતરી ગયો ! એ સવારે તો આખું કુટુંબ ખૂબ આનંદમાં આવી ગયું. પરંતુ દાક્તર સુદ્ધાં કોઈને ખબર ન પડી કે હવે પછી ફરી કદી હું જોઈ કે સાંભળી શકવાની નહોતી.

મને આવરી રહેલાં નીરવતા અને અંધકારથી હું ધીમે ધીમે ટેવાઈ ગઈ. અને એનાથી ભિન્ન દશા મારી કદીય હતી એ આશંકા પણ ન રહી. આ મારી કેદ મને મારાં મુક્તિદાયી ગુરુ મળ્યાં ત્યાં સુધી ચાલી. પણ મારા જીવનના પ્રથમ ઓગણીસ માસમાં જે વિસ્તીર્ણ હરિયાળાં ખેતરો, પ્રકાશવંતુ આકાશ તથા ઝાડ ને ફૂલ જોયેલાં તે બધાંની ઝાંખી આ પાછળથી આવનાર અંધકાર સાવ ભૂંસી શક્યો નથી.

('અરધી સદીની વાચનયાત્રા'માંથી ટૂંકાવીને સાભાર)

**જ્યારે કોઈ વ્યક્તિ ખરાબ આદતોમાં ફસાઈને ખરાબ કામ કરવા લાગે છે, તેમનું જીવન વધારે મુશ્કેલ બની જાય છે ...**

**જે લોકો જીવનમાં સુખ–શાંતિ મેળવવા ઇચ્છે છે, તેમણે ખરાબ આદતો જલ્દી છોડી દેવી જોઈએ અને ખરાબ કાર્યો કરવાથી બચવું જોઈએ.**

## ।। વૈભવ-વારસો : પદ્ય વિભાગ ।।

### કાયા મૂળ વિનાનું ઝાડ છે.

**ષષ્ટમદાસ**

કાયા મૂળ વિનાનું ઝાડ છે રે જી
ધરમ વિના તો ઢળી પડશે
વેળાએ કરો કાંઈ નિવાર રે જી.
પ્રેમ પાંદડાં, દયા ડાળિયું રે જી
પુણ્યનાં મૂળ તો ગયાં પિયાળ
સતનાં જળ એવાં સિંચજો રે જી.
ફાલ્યો ફૂલ્યો એક વરખડો રે જી.
લાગ્યાં કાંઈ ફળ અપરંપાર
ધીરજ ધ્યાને બધાં વેઠીએ રે જી
એનો વેડનહારો હોશિયાર
ફળ ચાખે નર ચળે નહીં રે જી
અખંડ હોસે એનો મીઠો આર.
પરગલ થાશે પરતીત રે જી
ખેહ થ્યા એનાં બૂરાં અગનાન.
અવસર ઓળખી માણજો રે જી
મનખો નહિ આવે વારંવાર
આંબો છઠ્ઠો રે એમ બોલિયા રે જી
આ તો છે સપના જેવો સંસાર.

પંચમહાભૂતની આ કાયા મૂળ વિનાના ઝાડ જેવી છે. આ કાયા કાચી માટીની પૂતળી જેવી છે. તેને પડતાં વાર નહીં લાગે. આ કાયા તૃષ્ણાની જાળમાં ફસાઈ જાય છે. માયાના વિલાસમાં ગોથાં ખાધા કરે છે. ભોગવિલાસની ભ્રમણામાં ભટકતો આ દેહ દુરાચારના કર્મોથી છૂટી શકતો નથી ને અંતે મૃત્યુને ભેટે છે. આ માટે પ્રભુ-ભક્તિનો પ્રેમ માર્ગ પકડી લેવાની જરૂર છે. આ કાયા રૂપી વરખડાને પ્રેમનાં પાંદડાં, દયાની ડાળ, પૂણ્યનાં મૂળ, સતના જળ સિંચવાથી અપરંપાર ફળ લાગશે. એ ફળ પણ જે કોઈ ધીરજ ધ્યાનથી હોંશિયાર હશે તે વેઠી શકશે અને આ ભક્તિમાં ફળ જો એક વખત ચાખી જશે પછી તે ચલિત થશે નહીં. એટલે હે જીવડા ! તને માનવ જન્મ મળ્યો છે તો તેની ઓળખ કરી લે, હરિને મેળવી લે બાકી આ સંસાર તો સપના જેવો છે.

### સાહેબને સમર્યા વિના

**રવિરામ**

સાહેબ સમર્યા વિના પાર ન પહોંચે
આતો ધૂતારાના શેર છે.
આવ્યાં તેદી બંદા શું બોલી બોલતો,
હવે બોલે એમાં બહુ ફેર છે. - સાહેબ
કુડી કમાણી બધી ચોપડે ચડશે,
લેખા લેવા સાહેબ તુંને તેડશે જી,
મોટ પાઈમાં બંદા મોહી રહ્યો છે.
મોટપ તુંને તારી વેડશે જી. - સાહેબ
મિથ્યા માયામાં જીવડો લલચાણો
પ્રભુ ભજન સાથે તારે વેર છે,
સમુંદરમાં રૂડી છીપું નીપજે
છીપે છીપે ઘણો ફેર છે. - સાહેબ
સાધુ થયા તેથી શું રે થયું છે,
પ્યાલે પ્યાલે ઘણો ફેર છે.
હીરલા રૂપી મને સત્‌ગુરુ મળિયા,
ગુરવે ગુરવે ઘણો ફેર છે. - સાહેબ
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે
જેને માથે સાહેબની મહેર છે.
સાહેબ સમર્યા વિના પાર ન પહોંચે
આ તો ધૂતારાના શેર છે.

તારી મોટાઈના અહમમાં તું પડ્યો છે. મિથ્યા માયામાં લલચાયો છે ને પ્રભુ ભજન સાથે તારે વેર છે. માનવ જન્મ મળ્યો છતાં તેની તને કોઈ કિંમત નથી. સમુદ્રમાં છીપ અનેક હોય પણ સ્વાતિનું બિંદુ જેમાં પડે તેમાં મોતી નીપજે તેમ સાધુ તો ઘણા થાય છે પણ ગુરુગમનો પ્યાલો તો કોકને લાગી જાય છે. જો કોઈ સદ્‌ગુરુ મળી જાય ને તેને શિષ્ય રૂપી ઉમદા પાત્ર મળી જાય તો નવી ભાત પડે, નહીં તો આ ધૂતારાના શહેરમાં, સંસારમાં મરી પિટવાનું છે. જો સાહેબની મહેર હશે તો શાશ્વત સુખ મળશે.


ISSN 0976-9609

## ।। નવાં કાવ્યો ।।

### હોતા નથી ! (ગઝલ)

**સુધીર પટેલ**

હૃદયથીય હાજર ઘણીવાર હોતા નથી,
પછી એ મિલનમાં ભલીવાર હોતા નથી!

સ્મરણ ખઠ-મીઠું એનું આવ્યાં કરે છે સતત,
ખયાલી જગતમાં રવિવાર હોતા નથી !

અજાણ્યું કોઈ એના દિલમાં ઘૂસી ના શકે,
ભલે દ્વાર પર બે છડીદાર હોતા નથી !

છતાંયે જીગરને ચીરી નાખતા હોય છે,
હો શબ્દો જ, શસ્ત્રો અણીદાર હોતા નથી !

પછી એ જગતભરના થઈને રહે છે 'સુધીર',
અહીં જેને ખુદના પરિવાર હોતા નથી !

2624, Jameson Dr. NW, CONCORD, NC
28027, USA
Email sudhir12@gmail.com

### માર્ગ

**પુષ્કરાય જોશી**

માણસોને
પૂછી પૂછીને
થાકી ગયેલાં મેં
આખરે
પંખીને પૂછ્યો રસ્તો
તો તેણે મને
ચીંધી દીધું
આખું આકાશ.

479, Gujarat Housing Board,
Kankot patiya, Kalavad Road,
Rajkot-360005, (M) 9925165164

### ના શક્યો...

**જયંતિભાઈ મ. દરજી**

મર્મ છૂપો જિંદગીનો તું પચાવી ના શક્યો,
જૂઠ સામે પણ કદી, હલચલ મચાવી ના શક્યો.
જંગલોના છાંયડા કાપી ધરા ઉજ્જડ કરી,
સાવ નાજુક એક ટૌકો પણ બચાવી ના શક્યો.
કેટલાંયે વાદળો આવ્યાં અને વરસી ગયાં,
જિંદગીમાં એક લીલો છોડ વાવી ના શક્યો.
આ નગર આખું ઝઝૂમે ભીડમાંથી છૂટવા,
માનવી ચાલે છે, કે રસ્તો, હટાવી ના શક્યો ?
તરફડે છે આ વિહગ સૌ ડાળ ઉપર બેસવા,
તું સમયને જાળમાં ક્યાંય ફસાવી ના શક્યો.

૫-૬, અનમોલ વીલા-૩, રામોસણા રોડ,
મહેસાણા-૩૮૪૦૦૨, (મો) ૭૮૭૪૭૫૭૩૯૩

### વસે મહેલમાં ...

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

વસે મહેલમાં વિધ વિધ રૂપો, વિધ વિધ રંગો,
થાતી વિધ વિધ ઝાંખી
'જલસો' આપ્યાં નામ ભલેને ડૂમા, ડૂસકાં
ઝળઝળિયાની જાત વસે છે નોખી
નથી આંગણાં તુલસી ક્યારે, નથી પ્રગટતા દીવા
નથી કોડિયાં નથી ઘોડિયાં, નકલી વટ્ટ ને વિ'વા
નથી ટોડલા ગોખ વળગણી લીસ્સી
ભીંતે નરી ઉદાસી પોંખી
નથી ઉમરા છાસ વલોણાં, નથી ખાંડણી પારા
લાજમલાજા નેવે મેલ્યાં, ન બેડાં પાણિયારાં
શણગારી છે નિસાસાથી નવી હવેલી ભાસે ઝાંખી
વગર ત્રાજવે જોખી
ચૂલા પરના આંધણ રાંધણ, ગુમ થૈ ઘીની વાઢી
વડ વગરની વેલ વડવાયું, નેહ વગરની વાડી
મન છે મેલાં અહમ ભરેલાં શબ્દો દ્વારા ખીલી
પાધરી ઠોકી
ધરવ વગરનાં ધાન રઝળતાં, જીવ ભરમમાં જીવે
સ્નેહ વગરનાં સઘળાં સગપણ, કાચા ટેભે સીવે
પિંજર જાળે પાંખ પુરાણી અંગે અંગે ઝીણી
ઝીણી શૂળ સોંસરી ભોંકી

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ બંગલો, મહાદેવ વિસ્તાર,
વલ્લભ વિદ્યાનગર, આણંદ, (મો) ૯૮૭૯૫૨૩૨૭૬

**|| લઘુકથા ||**

**આંખ આડા કાન**

**નટવર આહલપરા**

ઘરમાં ભારેલો અગ્નિ સૌના હૈયામાં સળગતો હતો. સાસુ-વહુ મોઢું ચઢાવીને બેઠાં હતાં. દીકરો પીસાઈને બેઠો હતો. ના પત્નીને કહી શકે, ના માતાને. સ્વગત બોલતો હતો : "મારે આમ પીસાતા જ રહેવાનું ? સ્ત્રી, સ્ત્રીની જ દુશ્મન કેમ થાય છે ? પુરુષ, પુરુષનો દુશ્મન થતો નથી તો સ્ત્રી આવું કેમ કરે છે ?"

દીકરો જ્યારે જયારે પિતાને જોતો ને તેનો ક્રોધ, ગુસ્સો શાંત પડી જતો હતો. પિતા તો ખરેખર ઘરનો મોભ છે. મોભને પડાળનો ભાર ટાઢ, તડકો ને વરસાદ સહન કરવાનો. ઉપરાંત પરિવાર, વ્યવસાય ને સમાજનો ભાર તો ખરો જ. મા આરાધ્ય છે ને રહેશે જ સર્વત્ર માતાની પૂજા થાય છે ને ગુણગાન ગવાય છે પણ પિતા વિશે કેમ ?

ઘરમાં માતા, પિતા, દીકરો અને વહુ બેઠાં હતાં ત્યાં આઠમા ધોરણમાં ભણતો પૌત્ર હાથમાં નિશાળના ઘરકામની નોટ લઈ દાદા પાસે આવ્યો. અને બોલ્યો : 'દાદા, આંખ આડા કાન કરવાં' રૂઢિપ્રયોગનો અર્થ અને વાક્ય મને લખતાં નથી આવડતાં. તમે મને લખાવશો ?

રૂઢિપ્રયોગ સાંભળી સાસુ-વહુ અને દીકરો ઘરના મોભની સામે એકીટશે જોઈ રહ્યાં.

'શ્રી પવનતનય,' ૧૦૧, એસ્ટર ફ્લેટસ, આર્યલેન્ડની નજીક, સ્પીડવેલ હાઈટની પાછળ, મવડી એરીયા, રાજકોટ-૩૬૦૦૦૫, (મો) ૯૯૭૪૦૦૯૦૪૨

ઉદય કોઈનો પણ અચાનક નથી થતો
સૂર્ય પણ ધીરે ધીરે નીકળે છે. અને ઉપરની તરફ ઉઠે છે.

તે ઘડ્યા છે એક સરખા
એ જ તારી ભૂલ છે ઈશ્વર નથી જેમાં જરાયે માણસાઈ
એ પણ માણસ જ દેખાય છે.

 ISSN 0976-9609

॥ અભ્યાસ ॥

# સન સત્તાવનનો સંગ્રામ અને ગુજરાતના આદિવાસીઓ

**અરુણ વાઘેલા**

ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના કોઈ આકસ્મિક ઘટના ન હતી, પણ આર્થિક અને સામાજિક સંસ્થાનવાદની અને ભારતને લાંબા સમય સુધી ગુલામ બનાવી રાખવાની સુનિયોજિત પ્રવૃત્તિ હતી.ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન બનેલી ઘટનાઓમાં ૧૮૫૭નો સંગ્રામ ભારતીય ઇતિહાસની વિરાટ ઘટના હતી. ૧૮૫૭થી લઈ આજ સુધી એનું સતત મૂલ્યાંકન અને પૂનઃ મૂલ્યાંકન થઈ રહ્યું છે તેની સુવર્ણજયંતિ શતાબ્દી અને સાર્ધ શતાબ્દી નિમિત્તે ઇતિહાસકારો અને સંશોધકોએ વિશેષ બૌધ્ધિક શ્રમ કરી, ૧૮૫૭ની ક્રાંતિના વિવિધ પાસાંઓ ઉજાગર કર્યા હતાં. બળવો, વિદ્રોહ, વિપ્લવ અને ક્રાંતિ સુધી તેનાં સ્વરૂપની ચર્ચા થઈ છે. એક સમયે ૧૮૫૭નો સંગ્રામ ઉત્તર અને મધ્ય ભારત પૂરતો સીમિત હતો અને ભારતના બાકીના વિભાગોમાં તેની અસર નહિવત હતી તેવું કહેવાતું હતું. પરંતુ ઇતિહાસ અતીત સાથે પનારો પાડનારું શાસ્ત્ર અને વિજ્ઞાન હોવા છતાં એક વિદ્યાશાખા તરીકે સતત વિકસતું શાસ્ત્ર અને વિજ્ઞાન છે. ૧૮૫૭ના સંગ્રામને લગતી ઉપલબ્ધ થતી જતી નવી માહિતી સામગ્રી અને આ ઘટના પ્રત્યે સતત બદલાતા જતાં દષ્ટિકોણથી ૧૮૫૭ના સંગ્રામનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સતત બદલાતા રહ્યાં છે. પ્રસ્તુત લેખમાં ૧૮૫૭ના સંગ્રામમાં અજ્ઞાત અને અવગણાયેલાં રહેલાં ગુજરાતના આદિવાસીઓની ભૂમિકા ઉપર ચર્ચા કરવામાં આવી છે.

ઈ.સ.૧૮૧૮માં ગુજરાતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ હતી. તે પૂર્વેથી ગુજરાતના વિવિધ ભાગોમાંથી અંગ્રેજ શાસનનો તીવ્ર વિરોધ થયો હતો. ૧૮૧૮ પછી ગુજરાત પર અંગ્રેજોનું એકચક્રી શાસન શરૂ થયું હતું. ૧૮૫૭ના સંગ્રામ સમયે ગુજરાતની પ્રજાનું વિરોધનું વલણ જણાયું હતું. પરંતુ ૧૮૫૭માં ગુજરાતની ભાગીદારીની વિશેષતા એ હતી કે, અહીં ૨૫૦ કરતાં વધુ દેશી રિયાસતો હોવા છતાં એક માત્ર રિયાસતે પણ સત્તાવનના સંગ્રામને નેતૃત્વ પૂરું પાડ્યું ન હતું. અહીં ગુજરાતના સામાન્ય લોકો જેવાં કે ભીલ, નાયક, કોળી, વાઘેર, પાટીદારો અને કેટલાક પછાત મુસ્લિમોએ સંગ્રામમાં ઝુકાવ્યું હતું. એથી ઊલટું સુરતમાં તો સંગ્રામ ચાલી રહ્યો હતો ત્યારે સુરતી લાલાઓ પતંગ ઉડાવી રહ્યા હતાઓખામંડળના વાઘેરોના વિદ્રોહને કચડવા માટે તો જ દેશી રિયાસતોની સેના એ ભાગ લીધો હતો. તેમાં પોરબંદરના ૨૦૦ સૈનિકોના સૈન્યની આગેવાની મહાત્મા ગાંધીના પિતા અને પોરબંદરના દીવાન કરમચંદ ગાંધીએ લીધી હતી (દેસાઈ:૧૯૭૫:૨૧૧) તેથી ૧૮૫૭ના સંગ્રામના સંદર્ભમાં અહીં કહેવાય છે કે ગુજરાતમાં અંગ્રેજો સામે રિયાસતો, શહેરી મધ્યમ વર્ગ ચૂપ હતો ત્યારે સામાન્ય લોકોએ અસામાન્ય જંગ ખેલ્યો હતો. રાજમોહન ગાંધીની નોંધ મુજબ, સરદાર પટેલના પિતા ઝવેરભાઈ પટેલ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના સૈન્ય વતી અંગ્રેજો સામે લડવા ગયા હોવાની અને રસ્તામાં ઇન્દોરના રાજા મલ્હારરાવના હાથે કેદ પકડાયા હતા. તેઓએ શતરંજ રમતા રાજાને ચાલ બતાવી અને તેઓ કેદમુકત થયા હતા. તેમાં તથ્ય જણાતું નથી. દંતકથા પ્રચલિત છે. (રાજમોહન ગાંધી:૧૯૯૯:૨)

ગુજરાતમાં આદિવાસીઓ વિસ્તારોમાં પૂર્વ પટ્ટીના આદિવાસીઓ તરીકે ઓળખાય છે. અહી સાંપ્રતમાં ૨૫ જનજાતિઓ લગભગ ૯૦ લાખનું વસતિબળ ધરાવે છે. જેમાં સત્તાવનના સંગ્રામમાં ભીલ, નાયક અને વસાવાઓનું યોગદાન વિશેષ રહ્યું હતું.

ઇતિહાસની ઘટના પાછળ કારણ કે કારણોની આખી શૃંખલા રહેલી હોય છે. ૧૮૫૭ના સંગ્રામમાં આદિવાસીઓની ભાગીદારી પાછળ ૧૮૫૭ના સંગ્રામના સામાન્ય કારણોની સાથે આદિવાસીઓના કેટલાક

વિશેષ કારણો પણ હતા.

(૧) ૧૮૫૭ના સંગ્રામનું એક મહત્ત્વનું પરિબળ જમીન-જાગીરદારી નાબૂદી હતું. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં અનેક આદિવાસી જાગીરદારો હતા કે જેમની જમીન ઈનામ, કમિશન વગેરેમાં ગઈ હતી અને તે મુદ્દે તેઓ અંગ્રેજો સામે ઝઝૂમી રહ્યા હતા. ઉદા. સાગબારા વિસ્તારના કુંવર વસાવા અને જાંબુઘોડા પંથકનો રૂપસિંહ ગોબર નાયક (૧૮૧૩-૧૮૬૮), બંનેની જાગીરો પર અંગ્રેજો અને તેના મળતિયા રાજ્યોનો કબજો હતો અને તેનાથી મુક્તિ માટે તેઓ ૧૮૫૭ના સંગ્રામમાં જોડાયા હતા.(વાઘેલા:૨૦૧૯:૭૩)

(૨) ભારતમાં અંગ્રેજો પૂર્વે અનેક વિદેશી સત્તાઓ અને સ્થાનિક રજવાડાઓએ શાસન કર્યું હતું પરંતુ તેમાંથી કોઈપણ રાજસત્તાએ આદિવાસી વિસ્તારોની વહીવટી કે કાયદો વ્યવસ્થાની પરંપરાગત સ્થિતિને ખલેલ પહોંચાડવાનો પ્રયત્ન કર્યો ન હતો. કહો કે આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થાને બ્રિટિશ પૂર્વેની શાસન વ્યવસ્થાઓ દ્વારા મૂક બહાલી જેવી સ્થિતિ હતી. પરંતુ બ્રિટિશ શાસન આવ્યા પછી આદિવાસી વિસ્તારોની સ્થિતિ કફોડી બની હતી. બ્રિટિશ રાજ્યમાં આદિવાસી જનજીવનમાં મૂળગામી પલટો આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના નામે આદિવાસી જાતિ પંચો અને પરંપરાઓનો ખુરદો બોલાવી દેવામાં આવ્યો હતો. નવી મહેસૂલી વ્યવસ્થા, અદાલતી વ્યવસ્થા, અદાલતોની ભાષા અને લાંબી કાનૂની કાર્યવાહી વગેરે આદિવાસીઓ માટે શિરદર્દ સમાન પુરવાર થયા હતા. અને તે ૧૮૫૭ના સંગ્રામ વખતે આદિવાસીઓને બ્રિટિશ શાસનનો વિરોધ કરવા માટે મજબૂર કરતાં હતાં.

(૩) ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના પછી મૂડીવાદનું વિકૃત સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હતું. બ્રિટિશ મૂડીવાદી વ્યવસ્થાના આશ્રયે શાહુકારો, નફાખોરો જેવા આદિવાસીઓના શોષણના નવા વર્ગો તૈયાર થયા હતાં. તેઓ વિવિધ ઉદ્દેશો સાથે દૂર દૂરના આદિવાસી વિસ્તારોમાં સ્થાયી થયા હતા. આદિવાસી વિસ્તારોમાં વ્યાપાર અને જંગલના લાકડાના વ્યાપારમાં બિન આદિવાસી વર્ગનો દબદબો રહ્યો હતો.આદિવાસીઓ માટે તેમના શોષણની તીવ્રતા વધુ હતી. પરંતુ તેની જડ બ્રિટિશ શાસનમાં હોવાથી આદિવાસીઓએ અઢારસો સત્તાવનના સંગ્રામ વખતે બ્રિટિશ શાસન વિરુધ્ધ હથિયારો ઉઠાવ્યા હતા. તેમના વિરોધનો ભોગ સ્થાનિક રિયાસતો અને શોષણખોર શાહુકાર વર્ગ પણ બન્યો હતો. એ રીતે તેમનો આઝાદીનો સંઘર્ષ ત્રિસ્તરીય હતો.

(૪) ૧૮૫૭ના સંગ્રામમાં જોડાવાનું એક પ્રબળ કારણ ગુજરાતના આદિવાસી વિસ્તારોની ભૂગોળ હતી. ગુજરાતનો એક મોટો આદિવાસી બહુલ વિસ્તાર મધ્યપ્રદેશની સરહદે સ્થિત છે. ૧૮૫૭ના સંગ્રામ વખતે અંગ્રેજોથી બચવા ઉત્તર ભારતના ક્રાંતિકારીઓએ ગુજરાતમાં શરણ લીધું હતું. તાત્યા ટોપે, નાના સાહેબ પેશ્વા અને રંગો બાપુજી જેવા ક્રાંતિકારીઓ તેમાં મુખ્ય હતા. તેઓએ દાહોદથી જ ગુજરાતમાં પ્રવેશ કર્યો હતો. તાત્યા ટોપે તો ગુજરાતની નર્મદા ઘાટી અને રાજપીપળા, દાહોદ, અને ગોધરા વિસ્તારમાં ૧૫ દિવસ સુધી રહ્યો હતો. (ધારૈયા :૧૯૭૦:૧૦૪-૧૦૫). આ ક્રાંતિકારીઓના સમાગમથી પણ મધ્ય અને પૂર્વ ગુજરાતના આદિવાસીઓ આંદોલિત થયા હતા. પંચમહાલમાં તો સ્થાનિક આદિવાસી નેતા રૂપસિંહ નાયક અને તાત્યા ટોપેના લશ્કરનું સમાયોજન પણ થયું હતું. જેનાં આકરા પરિણામો બ્રિટિશ શાસનને ભોગવવા પડ્યા હતાં.

(૫) ૧૮૫૭ના સંગ્રામમાં આદિવાસીઓની ભાગીદારી તેમના જંગલ હક્કો માટે પણ હતી. નવી વ્યવસ્થામાં આદિવાસીઓએ જમીન ગુમાવતાં તેઓ કિસાનમાંથી ખેતમજૂર બન્યા. તેમની


ISSN 0976-9609

જકમ અને દાંઝણા પ્રકારની ખેતી પર પર સકંજો કસાયો હતો. આદિવાસીઓના સામુદાયિક મૂલ્યો અને પરંપરાગત રીતિરિવાજોનું સ્થાન વ્યક્તિ-કેન્દ્રી અને મૂડીવાદી નિયમોએ લીધું હતું જે આદિવાસીઓની સમજશક્તિની બહારની બાબતો હતી.

ઈ.સ. ૧૮૫૭ નાં મહાન વિપ્લવના અંતિમ ચરણમાં બ્રિટિશ શાસન માટે ગંભીર ચિંતારૂપ બની ગયેલા નાના સાહેબ પેશ્વા, તાત્યા ટોપે, રંગો બાપુજી, રાવ સાહેબ, જેવા મોટા ગજાનાં વિપ્લવકારીઓ કોઈ ને કોઈ રીતે ગુજરાતમાં સક્રિય હતા, ત્યારે ગુજરાત આવી મહાન ઘટનાથી કઈ રીતે અલિપ્ત રહી શકે ? પૂરા ગુજરાતે આ બળવાની અસર ઝીલી ન હોવા છતાં ઓખામંડળ, અમદાવાદ, ડીસા, પાલનપુર, ઈડર, ખેડા, કડી, દાહોદ,ગોધરા રેવાકાંઠા, ભરૂચ, તથા સુરત આ સંગ્રામ મુખ્ય કેન્દ્રો હતા. જેમાં પંચમહાલ જિલ્લો એ વિપ્લવના મુખ્ય કેન્દ્ર સમાન હતો. પંચમહાલ વિપ્લવનો મોટા પાયા પર ફેલાવો થવા પાછળ ઘણાં કારણો હતા. પ્રથમ તો, પંચમહાલ મધ્ય ભારતની નજીક આવેલું હોવાથી વિપ્લવકારીઓને આવનજાવન માટે અનુકૂળ હતું. મધ્ય ભારતમાં મંદસોર, મહુ, ઈન્દોર અને ધારમાં સૈનિકોએ વિદ્રોહ કર્યા પછી પંચમહાલ જિલ્લામાં ક્રાંતિનો પવન ફૂંકાયો હતો. બીજું, પંચમહાલમાં આ સમયે ચારેબાજુ ગાઢ જંગલો હતાં. આ ભૌગોલિક પરિસ્થિતિ છાપામાર યુદ્ધ માટે વિપ્લવકારીઓને ઘણી મદદરૂપ બની હતી. ત્રીજું, આ વિપ્લવના મુખ્ય નેતા એવો તાત્યા ટોપે પંચમહાલ જિલ્લામાં સક્રિય હતો, જેણે જિલ્લાની પ્રજામાં નવસંચાર કર્યો. સ્થળની દષ્ટિએ જોઈએ તો દાહોદ, ગોધરા અને ઝાલોદ, રાજપીપળા અને વિજાપુરમાં સંગ્રામની સવિશેષ અસર હતી.

અંગ્રેજો માટે દાહોદ મધ્યપ્રદેશથી ગુજરાત આવવા માટે પ્રવેશદ્વાર હતું. માળવામાં થયેલા વિદ્રોહ પછી તેની ત્વરિત અસર દાહોદ મારફત સમગ્ર ગુજરાત પર પડશે, તેવી ચતુર અંગ્રેજોને ખબર હતી. તેથી અગમચેતી વાપરી ભાવિ મુશ્કેલ પરિસ્થિતિને નિવારવા દાહોદના કિલ્લાની આજુબાજુ સરકારે ખાઈઓ ખોદાવી. છતાં, જુલાઈ ૧૮૫૭ના રોજ ઈન્દોર તથા મહુમાં થયેલાં તોફાની વિદ્રોહનાં સમાચાર આવવાથી તેમજ ઉત્તર ભારતમાં વિપ્લવની સફળતા સાંભળી, દાહોદમાં ૬ જુલાઈ ૧૮૫૭ ના રોજ પ્રજાએ પ્રથમ બળવો પોકારેલો. દાહોદ તાલુકાના અભલોડ ગામના ઈનામદાર ચુનીલાલ દેસાઈની નેતાગીરી નીચે ૫૦૦ માણસોએ ભેગા મળી ૬ જુલાઈ ૧૮૫૭ ના રોજ રાત્રે ૧૦ વાગ્યે દાહોદના કિલ્લાને ઘેરી લીધો. અને કિલ્લામાંની મામલતદાર કચેરીના કર્મચારીઓને અંદર પૂરી દીધા. બળવાખોરોએ આખી રાત ગોળીબાર કર્યો હતો. તા.૬ જુલાઈથી ૧૧ જુલાઈ સુધી મામલતદારને કિલ્લામાં ઘેરી રાખ્યો હતો. સુબેદાર હુસેનશાહે બળવાખોરોનો હિંમતથી સામનો કરેલો. એ પછી કેપ્ટન બકલ તોપો સાથે દાહોદ આવ્યો, તેની જાણ થતા તિરદારખાં કાનુંગા અને ચુનીલાલ દેસાઈ નાસી ગયા. એ પછી આખું પંચમહાલ સળગ્યું, કેપ્ટન બકલ વાવાઝોડાની જેમ દાહોદમાં ફરી વળ્યો. ‘દેખો ત્યાં ઠાર’ ના હુકમ સાથે દાહોદનો બળવો દબાવી દીધો. દાહોદ તથા ગોધરાનો બધો ગન પાવડર કબજે કરી, તેનાં ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો. ઓગષ્ટ ૨૪ ૧૮૫૭ના રોજ કેપ્ટન બકલે મુંબઈ સરકારને રિપોર્ટ કર્યો કે.. દાહોદમાં વિદ્રોહ કરવા માટે ૧૫ કેદીઓ પકડયા છે. અને તેમની સામે કેસ ચલાવી નીચે મુજબ સજા કરી.

(૧) એક કેદીને સરકાર સામે બળવો કરવા માટે ચૌદ વર્ષની દેશનિકાલની સજા ફરમાવી.
(૨) નવ કેદીઓને લશ્કરી બળવો કરવા માટે આજીવન દેશનિકાલ કરાયા છે.
(૩) એક કેદીને મુક્ત કર્યો.
(૪) ચાર કેદીઓને લશ્કરી બળવો કરવા બદલ અને દિલ્હીના બાદશાહને હિંદના શહેનશાહ તરીકે જાહેર કરવા માટે મૃત્યુદંડ આપવામાં આવ્યો અને તેમને તોપને ગોળે ઉડાવી દેવામાં

આવ્યા.(ધારૈયા :૧૯૭૦:૭) મુંબઈ સરકારે બકલની કાર્યવાહી મંજૂર કરી અને આજીવન દેશનિકાલની સજા કરતાં ઓછી સજા ન કરવા જણાવ્યું અને રાજ્ય સામે વિદ્રોહ કરનારને દેશનિકાલ નહીં પરંતુ મોતની સજા કરવા સૂચવ્યું. એક માન્યતા પ્રમાણે અભલોડના ઈનામદાર તિરદારખાં કાનુંગાને મોતની સજા થયેલી. અને તેનું ઈનામી ગામ અભલોડ સરકારે જપ્ત કરેલું, બોરડીના ઈનામદાર ચુનીલાલ દેસાઈને જેલની સજા થયેલી, પરંતુ પાછળથી રાણી વિકટોરિયાના ઢંઢેરાના કારણે તે જેલમાંથી મુક્ત થયેલો, જ્યારે કેપ્ટન બકલે દાહોદનાં બળવા વખતે કિલ્લાનો હિંમતથી બચાવ કરનાર હુસેનશાહખાનને દાહોદ પાસેનું માંડાવાવ ગામ ઈનામમાં અપાયું હતું. (રામચંદ્ર શુકલ: ૧૯૮૬:૧૭). દાહોદમાં ઉઠેલા બળવાને અંગ્રેજોએ શસ્ત્રબળથી દબાવી તો દીધો, છતાં દાહોદ પર જુલાઈ ૧ થી જુલાઈ ૨૨, ૧૮૫૭ સુધી અંગ્રેજ અમલ નાબૂદ થયો હતો. અને જનતાએ ૨૨ દિવસ સુધી આઝાદીનો આનંદ માણ્યો હતો.

પંચમહાલ જિલ્લામાં ૧૮૫૭ના વિપ્લવનું બીજું મહત્ત્વનું કેન્દ્ર ગોધરા હતું. ગોધરામાં ભોપાલ, મહુથી બળવાખોરો આવ્યા હતા. તારીખ-૮ જુલાઈ ૧૮૫૭ ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' મુજબ બળવાખોરો સાથે સ્થાનિક લોકો પણ જોડાયા હતા. બળવાખોરોએ સરકારી કચેરીઓનો કબજો લઈ તેમાંથી માલમિલકતની લુંટફાટ ચલાવી હતી. આ સમાચાર સાભંળી કેપ્ટન બકલે દાહોદ પછી ગોધરાને ઘેરો ઘાલ્યો, બે તોપો, મેજર ટોમસના હાથ નીચેના ૧૦૦ માણસો, લેફ્ટન્ટન્ટ સિપી સાથે વડોદરાનાં રાજવી ગાયકવાડે ૧૦૦ ઘોડેસ્વાર મોકલ્યાં. બકલના સૈનિકોએ ગોધરાનાં બળવાખોરો પર અંકુશ મેળવ્યો. એ પહેલાં બહારથી આવેલા બળવાખોરો અને ગોધરાના સ્થાનિક લોકોએ ડિસેમ્બર ૧૮૫૮ માં ગોધરા અને તેની આસપાસનો વિસ્તાર કબ્જે કર્યો હતો. બળવાખોરોની પ્રવૃત્તિઓ છાપામાર યુદ્ધની હતી. અને ગોધરામાં ઓછી સંખ્યામાં સૈન્ય હોવાથી તેનો ક્રાંતિકારીઓએ સાનુકૂળ ફાયદો પણ ઉઠાવ્યો હતો. (ધારૈયા:૧૯૭૦:૨૭)

ગોધરાની સફળતા પછી વિપ્લવકારીઓ ઝાલોદ તરફ ગયા, ઝાલોદ તાલુકાના લીમડી ગામ ઉપર હુમલો કર્યો. ઝાલોદનાં ડેપ્યુટી મામલતદારે તા.૫ ડિસેમ્બર ૧૮૫૮ના રોજ દાહોદના મામલતદારને લખ્યું હતું કે, .... આશરે ૨૦૦૦ જેટલા બળવાખોરો લીમડીમાં આવ્યા છે. અને સરકારી કચેરીઓના નાશ કરી તમામ સંપત્તિ લૂંટી છે. (Campbell:૧૮૮૦: ૬૩) એ પ્રમાણેનું નુકસાન પીપલોદ તથા લીમડી પાસેના ડુંગરી ગામમાં પણ કરેલું. ત્યારબાદ તાત્યા ટોપેની આગેવાનીમાં બળવાખોરો ઝાલોદ પહોંચી થોડા સૈનિકોને હાંકી કાઢયા. તારીખ ૬ ડિસેમ્બર ૧૮૫૮ના રોજ ઝાલોદ કબજે કર્યું. ઝાલોદનું સૈન્ય બળવાખોરો સાથે મળી ગયું. બળવાખોરોએ સરકારી તિજોરીનાં રૂ.૨૦૦૦ લૂંટી થાણાનો નાશ કર્યો, જેલમાંથી કેદીઓને મુક્ત કર્યા. અને ડે.મામલતદારની કચેરીનો સંપૂર્ણ નાશ કર્યો. બળવાખોરોનો સામનો કરવા તથા તેમને હાંકી કાઢવા સૂંથના (સંતરામપુર) રાજા ભાવસિંહજીએ સરકાર પાસે મદદ માંગી. તેથી કેપ્ટન કોલીનનું તોપો સાથેનું સૈન્ય કેપ્ટન થેચરના સૈન્ય તથા કેપ્ટન મુલરની તોપો તથા યુરોપિયન અને દેશી પાયદળનું સૈન્ય પંચમહાલ આવ્યું. પંચમહાલમાં લશ્કર મોકલવા પૂના તથા મુંબઈથી તાત્કાલિક હુકમો તૈયાર થયા. બળવાખોરોને પકડવા ઈનામો જાહેર થયા. (પરમાર:૧૯૨૨:૧૨) આ બધી વિગતો પરથી ખ્યાલ આવી શકે કે ૧૮૫૭ના વિપ્લવમાં પંચમહાલની ઘટનાઓ અત્યંત ગંભીર હતી.

જૂન ૧૮૫૮માં ગ્વાલિયર પાસે અંગ્રેજોથી પરાજય પામ્યા પછી તાત્યાએ નર્મદા પાર કરી મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વિપ્લવની ચિનગારી ચાંપવાનો નિર્ણય કર્યો. અંગ્રેજ સરકારે તાત્યા ટોપેને નર્મદા પાર કરતો અટકાવવાનાં અથાગ પ્રયત્નો કર્યા. નવ મહિના સુધી તાત્યાએ તેમને હંફાવ્યા. ૧૮૫૮માં ઓકટોબરના અંતમાં તાત્યાએ હોશિંગાબાદ પાસેથી ૩ હજાર


ISSN 0976-9609

સૈનિકો સાથે નર્મદા ઓળંગી. (Campbell: 1880:63) તાત્યાનો ગુજરાત પ્રવેશ થતાં ગુજરાતના બ્રિટિશ સત્તાવાળાઓ ચોંકી ઊઠયા. પોલિટિકલ કમિશ્નર શેકસપિયરની સૂચના અનુસાર ગુજરાતના તમામ લશ્કરી દળોને તાત્યાને ગુજરાતની બહાર હાંકી કાઢવા માટે તૈયાર કરવામાં આવ્યા. (ધારૈયા:૧૯૭૦:૯૬) તાત્યા ટોપે એવો બાહોશ સેનાપતિ હતો કે જેના પરાક્રમ અને વીરતાની કદર અંગ્રેજ લેખકોએ પણ કરી છે. 'લંડન ટાઈમ્સ'ના યુદ્ધ સંવાદદાતા વિલિયમ રસેલે 'માય ડાયરી ઈન ઈન્ડિયા'- માં લખ્યું કે, "આ માણસ (તાત્યા ટોપે) રોજની ૪૦ થી ૫૦ માઈલ દોડભાગ કરતો, બન્ને બાજુથી તેણે નર્મદા પાર કરી, આપણી સેનાઓ આગળ કે પાછળ રહીને ય તેને પકડી ન શકી. "અંગ્રેજ લશ્કર વધારાનાં સામાનનો બોજ ફેંકવા રોકાતું એટલીવારમાં શત્રુઓ (તાત્યાનું દળ) ૫૦ માઈલ દૂર પહોંચી જતા. એક વાર તો તાત્યાની છાવણી એ જગ્યાએ હતી જ્યાં થોડીવાર પહેલાં સવારે અંગ્રેજ સેનાનો પડાવ હતો." (વાઘેલા:૨૦૦૦:૩૫)

ઉત્તર ભારતના ક્રાંતિકારીઓએ બ્રિટિશ કાયદો અને વ્યવસ્થાની સામે ગંભીર પડકારો ઊભા કર્યા હતા. પરિણામે બ્રિટિશ સત્તાથી બચવા સત્તાવનના ક્રાંતિકારીઓએ ગુજરાતમાં શરણ લીધું હતું. તેમનો ગુજરાતમાં આવવાનો રસ્તો પંચમહાલનું દાહોદ હતું. તાત્યા ટોપેના પંચમહાલમાં આગમન પછી ૧૮૫૭ના સંગ્રામમાં ગતિ આવી હાતી. પરંતુ એ સિવાય પણ સંગ્રામમાં આદિવાસીઓની ભાગીદારીનું સ્વર્ણિમ પૃષ્ઠ છે. ૧૮૫૭માં પંચમહાલના આદિવાસીઓની નેતાગીરી રૂપસિંહ નાયક (૧૮૧૩-૧૮૬૮) જાગીરદારે લીધી હતી. બ્રિટિશ સત્તા વિરુધ્ધનો રૂપસિંહનો સંઘર્ષ ૧૮૬૮થી શરૂ થયો હતો તે વર્ષે તેને છાપામાર યુધ્ધ પધ્ધતિથી સમગ્ર રેવાકાંઠા વિસ્તારને હચમચાવી નાંખ્યો હતો. (Campbell:૧૮૮૦:૬૨). સામાન્ય રીતે આપણે આદિવાસીઓ એટલે હાથે પગે જીવતો સમાજ એવું માનતા હોઈએ છીએ પણ રૂપસિંહના કેસમાં એવું ન હતું. તે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા પાસેના ડાંડિયાપુરાનો જમીનદાર હતો. મેડીબંધ ઘર, જમીન ઉપરાંત વિશાળ સંખ્યામાં પશુઓ પણ તેની પાસે હતા. જેવી વિપ્લવની શરૂઆત થઈ તેની સાથે રૂપસિંહે હજારો નાયક આદિવાસીઓ સાથે તેમાં ઝંપલાવ્યું હતું. તેની પાછળ કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વિશેષ જવાબદાર હતી. કારણ કે ૧૮૫૭ના સમયે પંચમહાલમાં સિંધિયાનું શાસન હતું. ગ્વાલિયરના સિંધિયાના શાસનકાળ દરમિયાન પંચમહાલમાં નિયમિત પોલીસદળ પણ ન હતું. કાયદો અને વ્યવસ્થા ભાડૂતી માણસોની મદદથી ચાલતી હતી. આ સ્થિતિમાં નાયકો સત્તાવનના સંગ્રામમાં સામેલ થયા. બોમ્બે ગેઝેટિયરે (૧૮૭૯) આ ઘટનાને વિસ્તૃત વર્ણન આપ્યું છે ''ઓક્ટો. ૧૮૫૮માં ભાઉસાહેબ પવારની ઉશ્કેરણીથી સંખેડાના નાયકાઓએ રૂપા નાયક, કેવળ નાયક અને ગોબર નાયકની આગેવાનીમાં અંગ્રેજો સામે હથિયારો ઉઠાવ્યા. નારૂકોટના થાણામાં લૂંટફાટ કરી. જાંબુઘોડામાં પડેલી કેપ્ટન બ્રેટ્સની ટુકડી પર હુમલો કર્યો. તેમાં તેઓને પીછેહઠ કરવી પડી. નાયક ક્રાંતિકારીઓ સાથે વિલાયતીઓ, (મકરાણી, સિંધી, આરબ) દેશી સૈનિકો અને તાત્યા ટોપેનું બચેલું લશ્કર જોડાયું. તેઓએ ચાંપાનેર અને નારૂકોટ વચ્ચેના વિસ્તારમાં મજબૂત કબજો જમાવ્યો અને ગોધરાના ઉત્તર ભાગ સુધી વહીવટી તંત્રને પડકારી ગામડાંઓ પર હુમલાઓ કર્યા હતા. (Campbell:૧૮૭૯:૨૫૪)

આ ઘટનાક્રમ પછી નાયકોને નિયંત્રિત કરવા અંગ્રેજો માટે ખૂબ જરૂરી બન્યું હતું. તે માટે ૧૮૫૮ના શિયાળામાં કર્નલ વૉલેસની નિમણૂક થઈ હતી. કર્નલ વોલેસ સાથેનો નાયકાઓનો સંઘર્ષ ઘણો હિંસક હતો. હિંસક સંગ્રામમાં તેઓએ કેપ્ટન હેવર્ડ સહિત ૧૧ માણસોને ઘાયલ કર્યા. એક સૂબેદાર સહિત સાત માણસોને માર્યા હતા. આમ, સત્તાવનના સંગ્રામના પ્રારંભે નાયક ક્રાંતિકારીઓનો હાથ ઉપર રહ્યો હતો. આ સંઘર્ષનો અંત કેપ્ટન રિચાર્ડ બોર્નરે આણ્યો . તેણે ભીલ સૈન્યની મદદથી

નાયકાઓને શરણે થવાની ફરજ પાડી. આ સેનાની રચના ૧૮૫૭ના સંગ્રામમાં આદિવાસીઓને કાબૂમાં રાખવા જ થઈ હતી. દાહોદમાં સ્થપાયેલી આ પલટન પંચમહાલ ભીલ પલટન તરીકે ઓળખાતી હતી. રૂપા નાયકે ૧૦ માર્ચ ૧૮૫૯ના રોજ શસ્ત્રો હેઠાં મૂક્યા, એ પછી કેવળ નાયક પણ તેના પગલે ચાલ્યો.(Ibid :૨૫૫-૫૮)

ગેઝેટિયર જેવા સરકારી ગ્રંથો નાયક ચળવળને લૂંટફાટ, હિંસક બળવો અને ૧૮૫૭ના ભાગરૂપે મૂલવે છે. તેનો બીજો પક્ષ જોઈએઃ ૧૮૫૭ થી ૧૮૫૯ દરમિયાનની નાયક આદિવાસીઓની પ્રવૃત્તિઓ વિશે 'Disturbance in Gujarat' નામના દસ્તાવેજોમાં તેમની પ્રવૃત્તિઓનો રોજિંદો અહેવાલ મળે છે. જે મુજબ રૂપસિંહ નાયકના નેતૃત્વમાં લગભગ પાંચ હજાર જેટલા અનુયાયીઓ અંગ્રેજો ઉપરાંત ગાયકવાડ અને દેશી રજવાડાઓની સેના સાથે ઝનૂનપૂર્વક લડવા માટે તૈયાર હતા. તદ્ઉપરાંત હાલોલ, જાંબુઘોડા, ડાંડિયાપુરા, નારૂકોટ અને દેવગઢ બારિયામાં પણ એટલા જ આદિવાસીઓ તત્પર હતા. (વાઘેલાઃ ૨૦૨૧ઃ૩૬) તેમનો સંઘર્ષ અંગ્રેજો જેટલો જ શોષણખોર શાહુકારો સામે પણ હતો. પ્રસ્તુત સ્થિતિ બતાવે છે કે નાયકાઓનો સંઘર્ષ ૧૮૫૭ની સમાંતર હોવા છતાં તેનાથી કશુંક વધુ હતું. અર્થાત, આદિવાસીઓ સંસ્થાનવાદી બ્રિટન ઉપરાંત શોષણખોર શાહુકારોથી પણ મુક્તિ ઇચ્છતા હતાં.

નાયકાઓએ દેશી-વિદેશી સેનાઓ સામે લાંબો અને લોહિયાળ સંઘર્ષ ખેલ્યો હતો. તેમની લડાઈ બ્રિટિશ પ્રાંતો અને રજવાડાઓમાં ફેલાઈ હતી. બાપુ નાયક, કેવળ દામા વગેરે તેમના નેતા હતા. કેટલાક પ્રમાણો મુજબ તેઓ છાપામાર પદ્ધતિઓની સાથે સામી છાતીએ હિંસક હુમલાઓ કરતા. એક ઉદા. જોઈએઃ તા.૧૦ ડિસે. ૧૮૫૮ના રોજ તેઓએ ઉદેપુર રાજ્યના જંબુગામ અને ઢોલકું ગામોમાં જમાદાર હુસેનખાં બટગીના લશ્કરનો ૫૦૦ નાયકાઓની મદદથી પીછો કર્યો હતો. હુસેનખાંને કેટલાક વૈરાગીઓનો સહકાર મળતાં તેઓએ નાયકાઓને પાછા હઠાવ્યા હતા. જો કે નાયકાઓએ તેમનો લાંબો પીછો કરી એક સૈનિકને માર્યો તથા ૧૪ સૈનિકોને ઘાયલ કર્યા હતા. બટગીના માણસો એક નાયકાનું માથું કાપી લાવ્યા હતા. તે પછી તે વિસ્તારને નાયકાઓથી બચાવવા માટે મજબૂત લશ્કરી કવાયત શરૂ થઈ હતી. ગાયકવાડી વહીવટીતંત્રએ સિબંદીના સૈનિકો, મૂલ્કી થાણાંઓ અને સરહદોની સલામતી વધારવાની ભલામણ કરી હતી. તા. ૧૭ ડિસે. ૧૮૫૮ના રોજ બ્રિટિશ અધિકારી કેપ્ટન કોલીયરે છોટાઉદેપુરના મહારાઉલ જીતસીંગને લખ્યું કે, અમારી સવારી સંખેડા છે, નાયક પ્રજાના તોફાનોને ધ્યાન લઈ આપના તાબાના ઢોકલિયા, સીમલિયા, સુસકાલ, તરગોલ (જંબુગામ) વગેરે જગ્યાએ પાંચ થાણા મૂકવાથી બંદોબસ્ત રહેશે. આ વર્ણન બતાવે છે કે સત્તાવનના સંગ્રામમાં અંગ્રેજોની રેવાકાંઠા વિસ્તારમાં વિકટ સ્થિતિ થઈ હતી.(વાઘેલા :૨૦૧૯:૪૮)

નાયક સરદારોનો સંઘર્ષ ૧૮ ઓક્ટોબર ૧૮૫૮ થી શરૂ થયો હતો. જે ૭ માર્ચ ૧૮૫૯ સુધી ચાલ્યો હતો, જેને ખાળવા સંખેડા તરફથી બે યુરોપિયન અધિકારીઓ અને ૧૫૦ જેટલાં જવાનો સહિત વડોદરા, દેવગઢ બારિયા, છોટાઉદેપુર જેવા રજવાડાઓની સેના આવી. તેઓએ નાયકાઓ પર ચોમેરથી હુમલાઓ શરૂ કર્યા હતા. જેનું નેતૃત્વ કર્નલ વોલેસે લીધું હતુ. આ અથડામણમાં નાયકાઓના હાથે એક અંગ્રેજ કેપ્ટન તીરથી ગંભીર રીતે ઘવાયો હતો. આમ, રૂપસિંહના નેતૃત્વમાં ડાંડિયાપુર અને જાંબુઘોડા-નારૂકોટ રાજ્યમાંથી શરૂ થયેલો નાયક વિદ્રોહ મજબૂત સામુદાયિક સંગઠનને લઈ જંબુગામ, સંખેડા, છોટાઉદેપુર, હાલોલ, દેવગઢ બારીઆ સુધી ફેલાયો હતો. નાયકાઓનું જાસૂસીતંત્ર અને આયોજન સુવ્યવસ્થિત હતું. તેઓ બ્રિટિશ લશ્કરના સગડ મેળવી કુશળ જાસૂસી પણ કરતાં. જે બ્રિટિશ અને દેશી લશ્કરો માટે શિરદર્દ સમાન હતું. એક દાખલો જોઈએ. જેતપુરથી સંખેડાના દેસાઈએ ૨૮ જાન્યુઆરી, ૧૮૫૯ના રોજ લખ્યું કે અમે આશરે સવા ત્રણસો માણસો સરંજામ સાથે ડાંડિયાપુરા ગામે નાયકાઓ પર

હુમલો લઈ જવા જેતપુરથી નીકળ્યા. રસ્તામાં અમે ડુંગરમાં રાત ગાળી, જ્યાં પાણી પણ મળ્યું નહીં. સાહેબનો હુકમ થવાથી અમે જંબુગામ પરત આવ્યા. રસ્તામાં જેતપુરથી એક કોસ ઘાઘવા ગામની નદી ઉપર ખાવા રોકાયા. અડધી રસોઈ થઈને નાયકાઓના ત્રણસો માણસોના ટોળાએ એક ખેતર ઉપર આવી હુંકારો કર્યો એટલે રસોઈ પડતી મૂકી ઊભા થયા ને એક સવાર મોકલી સાહેબને ખબર આપી. તેઓ લશ્કર સાથે નાયકાઓ પર હુમલો લઈ ગયા. નાયકાઓ સમય વર્તી ડુંગરમાં પેસી ગયા. આ બધી દોડધામ પત્યા પછી સાંજે જેતપુર આવ્યા ત્યારે ખાવા પામ્યા." (Disturbance in Gujarat: ૧૬૭). ટૂંકમાં, સમગ્ર વર્ણન, નાયકાઓ પછાત હોવા છતાં વ્યૂહાત્મક રીતે લડતા હોવાનું પુરવાર કરે છે.

'Rising of the Naikas of Revakantha and Sankheda mevas' નામના વડોદરા દફતર ભંડારના દસ્તાવેજોમાંથી રૂપસિંહની પ્રવૃત્તિઓનો ઉત્તમ ચિતાર પ્રાપ્ત થાય છે. તે મુજબ બ્રિટિશ અને રજવાડાઓ સામે તેઓએ ૧૮ ઓક્ટો. ૧૮૫૮ના રોજ હિંસક વિરોધની શરૂઆત કરી હતી. ૨૧ ઓક્ટો. ૧૮૫૮ના રોજ ગાયકવાડના અધિકારી બળવંતરાવ હરીએ એક પત્રમાં જણાવ્યું કે, આસો સુદ ૭ને રાત્રે એક હજાર જેટલાં નાયકાઓએ જાંબુઘોડાની બજાર પર હુમલો કર્યો છે. તેમનો સામનો કરતાં ચાર માણસો ઘવાયા. નાયકાઓના આતંકથી કાંપતા મહેતાએ ૧૦ સૈનિકો હોવા છતાં સામનો કરવાને બદલે તેમનો ઉપયોગ વ્યક્તિગત સલામતી માટે કર્યો હતો. તે પછી ભીલ-નાયકોએ બંગલામાં આગ લગાડી હતી. (Joshi: ૧૯૫૫:૧૧૨)

નાયકોનો ૨૦ વર્ષ જૂનો ઇતિહાસ ધરાવતા આંદોલનને ગાયકવાડી દસ્તાવેજોમાં માત્ર તોફાનના ભાગરૂપ ગણવામાં આવ્યું હતું. સરકારી દસ્તાવેજો તેમની હિંસક પ્રવૃત્તિઓ, લૂંટફાટ વગેરેને ખાસ નિશાન બનાવે છે. માધવરાવ ખંડેરાવ નામના ગાયકવાડી અધિકારીએ વડોદરા રાજ્યને કરેલાં રિપોર્ટમાં લખ્યું કે, નાયકાઓના તોફાનને કારણે તે હાલોલ સુધી પણ જઈ શકે તેમ નથી. જાંબુઘોડા નાયકાઓ દ્વારા સળગાવી મૂકવામાં આવ્યું છે. એને પરિણામે જાંબુઘોડા છોડી ચૂક્યા છે અને લશ્કર જંબુગામથી ઊંટ પર આવનાર પુરવા પર આધારિત છે. તેઓએ ગાયકવાડના બે સવારોને પકડીને તેમને નાયકાઓ વિરુદ્ધ સરકારી કાર્યવાહી બંધ કરવાની ધમકી સાથે છોડી મૂક્યા હતા. ચળવળને વ્યાપક બનાવવા સરકારી લોકોને સ્થાનિક સ્તરે ઘૂસવા ન દેવા, જંગલના ઝાડ કાપી રસ્તાઓમાં અંતરાયો ઊભા કર્યા હતા. નાયકાઓમાંનો એક કંપનીના લશ્કર સામે લડતા મરાયો, પરંતુ તેની લાશ તેના ભાઈએ દુશ્મનોના હાથમાં આવવા દીધી નહીં." શત્રુઓના હાથમાં લાશ ન આવવા દેવાનો સીલસીલો સમગ્ર નાયક આંદોલન દરમિયાન અકબંધ રહ્યો હતો. તેઓ પ્રાણના ભોગે પણ સાથીઓનો મૃતદેહ દુશ્મનોના હાથ લાગવા દેતા ન હતા. (Ibid: ૧૨૬)

૧૮૫૮ના ડિસેમ્બર મહિનામાં નાયક આંદોલનમાં તેજી આવી હતી. તેમનું કાર્યક્ષેત્ર વધ્યું હતું. ૧૩ ડિસે. ૧૮૫૮ના રોજ સંખેડાના વહીવટદાર દેસાઈ બાપુ હરીલાલે વડોદરાના વહીવટીતંત્રને લખ્યું કે, તા. ૮ ડિસે. ૧૮૫૮ના રોજ નાયકાઓએ માંડાસર પરગણા, સંખેડા ગામમાં ઘરો લૂંટતા ગામ ઉજ્જડ થઈ ગયું છે અને લોકોમાં ખૂબ જ ગભરાટ છે. એ જ રીતે તાંજલજા તથા ગણેશવડ તરફ પણ નાયકાઓ જોવામાં આવ્યા હતા. પ્રસ્તુત વર્ણનો બ્રિટિશ અને ગાયકવાડી દસ્તાવેજોમાંથી આવ્યા છે, તેમ છતાં તેમાંથી નાયક આંદોલનના ભાગરૂપે તેમણે વિકસાવેલું કુશળ જાસૂસીતંત્ર, ઉગ્ર અને હિંસક વિરોધનો પ્રવૃત્તિઓ, સ્થાનિક ભૂગોળનો તેમણે કરેલો સાનુકૂળ ઉપયોગ વગેરેનો ઉત્તમ ચિતાર પ્રાપ્ત થાય છે. જેમાંથી નાયક આદિવાસીઓ વારસાગત અધિકારોની પ્રાપ્તિ અને પરંપરાગત સમાજ વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવાના પ્રયત્નો વિરુદ્ધ લડતા હોવાનું ફલિત થાય છે. કારણ કે, નાયકાઓની હિંસાનો ભોગ દેશી રજવાડી તંત્ર ઉપરાંત સ્થાનિક શાહુકારો અને તેમના શોષકો પણ

બની રહ્યા હતા.

નાયક આંદોલનમાં હિંસા, લૂંટફાટ, વિદ્રોહ વગેરે બાબતો ખાસ ઊડીને આંખે વળગે તેવી છે. સમકાલીન ગ્રંથોમાં નાયકાઓને 'બેદીલ', 'મારધાડીયા', 'લૂંટારાઓ' તરીકે વખોડવામાં આવ્યા છે. પરંતુ આ શબ્દો આદિવાસીઓના ઐતિહાસિક યોગદાનને અવગણવા સમાન છે. લેખિત-મૌખિક દસ્તાવેજી સામગ્રીનું સૂક્ષ્મ અવલોકન કરતાં આદિવાસીઓના વિરોધના કારણો પણ અન્ય ભારતીય પ્રજા જેવાં જ હતા. રૂપસિંહ નાયકની સમાંતર ૧૮૫૭નો સંગ્રામ ખેલનારાઓ ક્રાંતિકારીઓનું બિરૂદ પામ્યા છે તો રૂપસિંહ નાયક જેવાં મહાન કાંતિકારી નેતાની આજે પણ કોઈ વિશેષ ઓળખાણ નથી. ૧૮૫૭ના ક્રાંતિકારીઓ, ક્રાંતિકારીઓ અને નાયકાઓ 'બેદીલ', 'મારધાડીયાઓ' ? અસંતોષનો સમાન રીતે વિરોધ કરવાવાળી પ્રજાઓના મૂલ્યાંકનમાં આવા બેવડા માપદંડો કેમ ? નાયક વીરોના ઐતિહાસિક કાર્યોને સન્માનવાનો સમય પાકી ચૂક્યો છે. રૂપસિંહ નાયકના ઐતિહાસિક કર્તૃત્વને બિરદાવતો ગરબો આજે પણ પંચમહાલમાં પ્રચલિત છે..." રૂપસિંહ નાયક તારી દોઢ શેરની કામઠી ને સવાશેરનું સરિયું......

૧૮૫૭ના સંગ્રામ સમયે આદિવાસીઓનો વિરોધ માત્ર અંગ્રેજોની સામે ન હતો, તેમાં દેશી રજવાડાઓ, જમીન-જાગીરદારો, શાહુકારો વગેરેનો સમાવેશ થતો હતો. આવા કાળા અંગ્રેજો પણ સત્તાની સાઠમારી અને આર્થિક શોષણની પ્રવૃત્તિઓમાં અંગ્રેજોના હાથા બનતા હતા. ઓક્ટોબર ૧૮૫૮થી શરૂ થયેલી પંચમહાલના નાયકાઓની ચળવળ વહીવટીતંત્રને માટે મોટો પડકાર હતો. કાયદો-વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટે બ્રિટિશ ઉપરાંત સ્થાનિક રજવાડાઓએ મજબૂત આયોજન કર્યું. પંચમહાલ, છોટાઉદેપુર ઉપરાંત વડોદરા વિસ્તારમાં નાકાબંધીઓ, થાણાઓની રચના થઈ. જાંબુઘોડા-નારૂકોટ અને દેવગઢ બારિયા જેવાં દુર્ગમ વિસ્તારોમાં લશ્કરી થાણાઓ સ્થાપી નાયકાઓને નાથવાના પ્રયાસો શરૂ થયા. એક પછી એક ચડિયાતા બ્રિટિશ અધિકારીઓ નાયકાઓ સામે મેદાનમાં આવતા ગયા. સામ, દામ, દંડ અને ભેદની કુટિલ રાજનીતિનું ચિત્ર પણ દસ્તાવેજોમાંથી પ્રાપ્ત થાય છે. તેઓએ પ્રથમ તબક્કામાં આદિવાસી નેતાઓની માલ-મિલકતો જપ્ત કરી તેમની લડતને તોડવાના પ્રયત્નો કર્યા. અર્થાત્ 'મોઢું ખોલાવવા નાક દબાવવા' જેવો આ પ્રયત્ન હતો. જાંબુઘોડા ખાતે બ્રિટિશ સત્તા સામે નેતૃત્વ કરનાર બાપૂ નાયકના કુટુંબીજનોને હેરાન કરી તેની તમામ સંપત્તિ જપ્ત કરી હતી. પરંતુ પોતાના અધિકારો, આર્થિક શોષણ અને સામાજિક ન્યાય માટે લડી રહેલા નેતાઓ આવી આર્થિક નાકાબંધીને તાબે થયા ન હતા. બીજા ઉપાય તરીકે સ્થાનિક સ્તરે પ્રતીકારાત્મક બળ ઊભું કરવાના પ્રયત્નો કર્યા. જે મુજબ, કર્નલ વૉલેસે હાલોલ પરગણાના લોકોને સ્વરક્ષણ માટે હથિયારો રાખવાના પરવાના આપ્યા હતા. ઉપરોક્ત બંને ઉપાયો કારગત ન નીવડતાં, ત્રીજા ઉપાય તરીકે ભીલ સેનાની મદદ લીધી હતી. ઈ.સ.૧૮૫૮માં દાહોદ ખાતે સ્થપાયેલી પંચમહાલ ભીલ પલટનની મદદ લેવામાં આવી. સ્થાનિક ભૂગોળ અને આદિવાસી માનસિકતાથી સુપેરે વાકેફ એવી ભીલ સેના એ સૌથી નિર્ણાયક ઉપાય સાબિત થયો. ભીલ સેનામાં ૧૦ સૂબેદાર, ૫૦ હવાલદાર અને ૫૦ નાયક મળીને કુલ સંખ્યા ૯૩૧ની હતી. ભીલ પલટનનો વિચાર કેપ્ટન રીચાર્ડ બોર્નરના ભેજાની પેદાશ હતો. મેવાડ ભીલ કોર્પ્સ અને ખાનદેશ ભીલ પલટનના નમૂના મુજબ પંચમહાલ ભીલ પલટન બનાવવામાં આવી હતી. 'મેવાડ ભીલ કોર્પ્સ' એમ.બી.સી. તરીકે પ્રસિદ્ધ થઈ હતી. ભીલ પલટન માટે તો દાહોદમાં સ્ટાફ ક્વાટર્સ અને કસરત માટે મેદાન પણ બનાવવામાં આવ્યા હતા (M.S.A. PD :૧૮૫૭:૧૭)

૧૮૫૭માં પંચમહાલ અને રેવાકાંઠા એજન્સી ઉપરાંત ઉત્તર ગુજરાત, રાજપીપળા અને ડાંગના આદિવાસીઓ પણ સક્રિય રહ્યા હતા. ઉત્તર ગુજરાતનાં યામાજી ગામેતી અને નાથાજી ગામેતીએ સંગ્રામની


ISSN 0976-9609

નેતાગીરી લીધી હતી. ૧૮૫૭ના સંગ્રામ વખતે ગાયકવાડ સરકારે ઈડર પાસે ૧૦ ઘોડાસ્વારોનું થાણું સ્થાપ્યું હતું. નાથાજી અને યામાજીએ તેને આંતરિક દરમિયાનગીરી ગણી તેનો વિરોધ કર્યો. ૨૦ સપ્ટેમ્બર, ૧૮૫૭ના રોજ નાથાજી ગામેતીની આગેવાની નીચે ચાંડુપના કોળી અને ભીલોએ મજબૂત મુકાબલો કર્યો હતો. આખરે ઈડરના રાજાની મદદથી નાથાજીની આગેવાની નીચેના વિપ્લવકારીઓનો પરાજય થયો. (ધારૈયા:૧૯૭૦:૨૭) તરત જ ચાંડુપની બાજુનું દુલારા ગામ વિદ્રોહની ઝપટમાં આવ્યું. ઈડરના રાજાના આશરે ૮૦૦ સૈનિકોના બનેલા સંયુક્ત લશ્કરે ૧૭ ઓક્ટોબર ૧૮૫૭ના રોજ ચાંડુપ પર આક્રમણ કર્યું. તેની સામે સંઘર્ષ અઘરો બનતા ગામ લોકો સરસામાન સાથે ટેકરીઓમાં શરણ લીધું. અંગ્રેજ સેનાએ આખું ચાંડુપ ગામ સળગાવી દીધું. જેમાં અનાજનો મોટો જથ્થો પણ નાશ પામ્યો, છતાં નાથાજી અને યામાજીના નેતૃત્વમાં કોળી અને ભીલોએ છ મહિના સુધી ઝીંક ઝીલી. છેવટે નાથાજીના અવસાન સાથે તેમના વિદ્રોહનો અંત આવ્યો. (ધારૈયા:૧૯૭૦:૬૭)

ગાયકવાડી તાબાના વિજાપુર અને વડનગર તથા ખેરાળુ વિસ્તારમાં પણ ૨૦૦૦ કરતાં વધુ કોળી અને ભીલોએ સશસ્ત્ર વિદ્રોહ કર્યો હતો. તેઓએ ૨૦ ઓક્ટોબર ૧૮૫૭ના રોજ ગાયકવાડી ગામ લોદરા (વિજાપુર) પર હુમલો કર્યો પરંતુ મેજર એન્ડ્રુઝના નેતૃત્વ સામે બળવાખોરો સફળ ન થયા. તેમણે પાછા હઠવું પડ્યું. ત્યાંની સ્થિતિને પારખીને વધુ લશ્કર મોકલવામાં આવ્યું હતું. ટૂંકમાં, ઉત્તર ગુજરાતમાં સત્તાવનની તીવ્રતા રેવાકાંઠા વિસ્તાર જેવી ન હતી છતાં તેમણે છ મહિના સુધી અંગ્રેજ સત્તાને સતત વ્યસ્ત રાખી હતી. આજ સ્થિતિ દક્ષિણ ગુજરાતમાં રાજપીપળાના વસાવાઓ અને ડાંગના ભીલ રાજાઓએ પણ ઊભી કરી હતી. પરંતુ તેમની પ્રવૃત્તિઓ પરિણામલક્ષી બની શકી ન હતી. (શાસ્ત્રી:૧૯૮૪: ૭૧-૭૨)

**૧૮૫૭ના સંગ્રામના આદિવાસી સંદર્ભમાં લેખાંજોખાં :** કોઈપણ ઐતિહાસિક ઘટનાનું મહત્ત્વ તેની અસરોમાં જોવાય છે. ૧૮૫૭ની ઘટના કોઈ નાનીસૂની ઘટના ન હતી. ભારતીય સમાજને સર્વાંગી અસર પહોંચાડનાર ૧૮૫૭ના વિપ્લવની આદિવાસીઓ પર બહુઆયામી અસરો પડી હતી.

(૧) ૧૮૫૭ના સંગ્રામનું ઉત્તર અને મધ્ય ભારતમાં જે રીતે ક્રૂરતાપૂર્વક દમન કરવામાં આવ્યું હતું, તે જ ઉપક્રમ ગુજરાતના આદિવાસીઓ સાથે પણ રચાયો હતો. દાંતાથી ડાંગ સુધીના ગુજરાતના આદિવાસી પટ્ટામાં સેંકડો આદિવાસી વિપ્લવકારી-ઓને બેરહેમીથી કચડી નાંખવામાં આવ્યા હતા. અંગ્રેજ સલ્તનત સામે વિદ્રોહ કરનારા આદિવાસી-ઓના ગામો ના ગામ સળગાવી દેવામાં આવ્યા હતા. સંગ્રામના અંત પછી તો જંગલી સુવ્વર અને વાઘની જેમ જ ભીલોને પણ શિકારની વસ્તુ બનાવવામાં આવી હતી. (અરુણ વાઘેલા :૨૦૧૯:૧૩૫) ટૂંકમાં, ગુજરાતમાં ૧૮૫૭ પછી આદિવાસીઓ જેવી યાતનાઓ ભાગ્યે જ કોઈ જાતિએ ભોગવી હશે !

(૨) ૧૮૫૭ના સંગ્રામ પછી ગુજરાતમાં હથિયારબંધી લાદવામાં આવી હતી.. હથિયારબંધી ધારા મુજબ આદિવાસીઓની દેશી બન્દુકો, તીરકામઠા તો ખરા જ, તેમના દાતરડા જેવા ખેતીના ઓજારો પણ જપ્ત કરવામાં આવ્યા હતા..ઉદા.તરીકે અંગ્રેજ સત્તાએ રેવાકાંઠા અને પંચમહાલ વિસ્તારમાં ૧૫૫૪૧ તલવારો, ૨૬૨૧ દેશી બંદુકો, ૬૬૮૦૮ અન્ય પ્રકારના હથિયારો જપ્ત કર્યા હતા. (ધારૈયા : ૧૯૭૦ : ૧૫૦) એ રીતે લગભગ રેવાકાંઠાનો આખો વિસ્તાર શસ્ત્રવિહોણો થઈ ચૂક્યો હતો.

(૩) ગુજરાતનો પંચમહાલ જિલ્લો આદિવાસી બહુલ જિલ્લો હતો. ૧૮૫૭ના સંગ્રામ સમયે ત્યાં ગ્વાલિયરના સિંધિયાનું શાસન હતું. અંગ્રેજોની દૃષ્ટિએ પંચમહાલમાં મોટાપાયે વિદ્રોહ થવાનું પ્રબળ કારણ ત્યાં સિંધિયાનો ગેરવહીવટ હતો.

તેની પ્રતિક્રિયારૂપે અંગ્રેજોએ ૧૮૬૧માં લિયરના પ્રદેશની પંચમહાલ સાથે અદલાબદલી કરી વહીવટી સજ્જતા સાધવાનો પ્રયત્ન કર્યો હતો. આમ, ૧૮૫૭ પછી આદિવાસી વિસ્તારોમાં મોટા પાયે વહીવટી પરિવર્તન આવ્યું હતું.

(૪) રેવાકાઠા અને પંચમહાલમાં ૧૮૫૭ ની ચિનગારીને શાંત પાડવા માટે પંચમહાલ ભીલ પલટનની સ્થાપના કરવામાં આવી હતી. દાહોદમાં સ્થપાયેલી આ પલટન ૧૮૫૭ના સંગ્રામ પછી પણ યથાવત રહી હતી. જેણે પાછળથી જોરિયા ૧૮૬૮ નાયક જેવા ઘણા આદિવાસી આંદોલનોને કચડવામાં ભૂમિકા અદા કરી હતી. (વાઘેલા:૨૦૨૧:૬૭)

**સમાપન :**

ઉપર આપણે ૧૮૫૭ના સંગ્રામમાં ગુજરાતના આદિવાસીઓની ભૂમિકાની છાનબીન કરી, જે સત્તાવનના સંગ્રામમાં આદિવાસીઓના યોગદાનને જ નહીં બલિદાનને પણ સ્પષ્ટ કરે છે. જ્યારે મોટાભાગનું ગુજરાત અંગ્રેજો વિરુદ્ધ શાંત હતું ત્યારે ગુજરાતના આદિવાસીઓ અંગ્રેજ સલ્તનત સામે ઝઝૂમતા રહ્યા હતા. રૂપસિંહ નાયક, કેવળ નાયક, ઓંકારસિંહ, યામાજી ગામેતી અને કુંવર વસાવા જેવા અને આદિવાસી ક્રાંતિકારીઓએ ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું. સામાન્ય લોકોનો આ અસામાન્ય જંગ હતો. સતત દોઢ વર્ષ સુધી બ્રિટિશ સલ્તનત સામે ઝીંક ઝીલી હોવા છતાં આ એકલવીર ક્રાંતિકારીઓ ગુજરાતના ઇતિહાસના પૃષ્ઠો પર અંકિત થઈ શક્યા નથી.

**સંદર્ભિકા :**


1. Campbell Jemse (ed.), Gazetteer of the Bombay presidency - Vol.3 (Kaira and Panchmahal), Bombay 1879.
2. Campbell Jemse (ed.), Gazetteer of the Bombay presidency - Vol.6 (Revakantha, Narukot, Cambay and states, Surat ), Bombay, 1880
3. Dharaiya R.K., Gujarat in 1857, Ahmedabad, 1970
4. Guha Ranjit (ed.), Subaltern studies-Vol.4, Delhi, 1990 pp. 256-263 (Article of Gautam bhadra on four rebals of eighteen fifty sevan)
5. Historical Selection From Baroda Records (new series),Vol-2, Disturbance in Gujarat, (1857-64), Baroda
6. Maharashtra state archives, political department, vol.57 of 1858, PP.17

૭. પરમાર લાધાભાઈ હરજી, રેવાકાંઠા ડિરેક્ટરી ભાગ-૨, રાજકોટ, ૧૯૨૨

૮. વાઘેલા અરુણ, વિસ્મૃતિ શહીદ (પંચમહાલ કે નાયક આદિવાસીઓ કી આઝાદી કી જંગ), અમદાવાદ, ૨૦૧૯

૯. શુક્લ રામચંદ્ર, સ્વતંત્રતા સંગ્રામમાં પંચમહાલ, ગોધરા, ૧૯૮૬

૧૦. દેસાઈ શંભુપ્રસાદ, જુનાગઢ અને ગિરનાર, રાજકોટ, ૧૯૭૫

૧૧. ગાંધી રાજમોહન, સરદાર પટેલ : એક સમર્પિત જીવન, અમદાવાદ, ૧૯૯૯


---


પ્રોફેસર, ઈતિહાસ વિભાગ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
(મો) ૯૬૩૮૯ ૮૧૩૮૮

**॥ પ્રકલ્પ વિશેષ ॥**

## "માધ્યમ મનગમતું, ઉત્તમ ગુજરાતી"

**રાજેન્દ્રસિંહ જાડેજા**

યુનેસ્કો દ્વારા કરવામાં આવેલા સંશોધનોમાં એવું સિદ્ધ થયું છે કે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તો બહુભાષી શિક્ષણના માધ્યમથી બાળકોમાં સાંસ્કૃતિક સભાનતા અને સમજણ વધુ સારી રીતે કેળવી શકાય છે. વળી, તેનાથી બાળકોમાં વિવિધ ભાષાઓ શીખવાનો આત્મવિશ્વાસ પણ કેળવાય છે. શિક્ષણવિદ પ્રો.બેન્સન જણાવે છે કે પાઠ્યક્રમમાં જો માતૃભાષાનો સમાવેશ કરવામાં આવે તો તેનાથી શિક્ષણ ક્ષેત્રે સમાનતા લાવવામાં મદદ મળે છે. બાળક પોતાની માતૃભાષાનું શાળામાં ગૌરવ થતું જોઈને વધુ આત્મવિશ્વાસપૂર્વક અભ્યાસ કરે છે, અને પોતાના sense of belonging ને સુદૃઢ થતું અનુભવે છે. પાઠ્યક્રમમાં માતૃભાષાનો સમાવેશ કરવાથી ભાષા અને સંસ્કૃતિ વધુ સંવર્ધન પામે છે.

ભારતીય શિક્ષણ સંદર્ભે નવી શિક્ષણ નીતિ (NEP-૨૦૨૦) તેમજ અભ્યાસક્રમનું માળખું (Curriculum Framework - ૨૦૨૪) બંનેમાં ભાષા શિક્ષણ ક્ષેત્રે વધુ મોકળાશ ઊભી કરી છે, પરંતુ તેના અમલ અંગે સ્પષ્ટ માર્ગદર્શન ઉપલબ્ધ નથી. આવી સંદિગ્ધ સ્થિતિ વચ્ચે કદાચ વધુ ને વધુ અસમંજસ એ બાબતમાં પ્રવર્તે છે કે અંગ્રેજી તથા અન્ય માધ્યમની શાળાઓમાં માતૃભાષાનું શિક્ષણ કેવી રીતે આપવું. આ જટિલ સમસ્યા અંગે અમદાવાદ-ની નિરંજન ભગત સ્મૃતિ સમિતિ' (NBMT) એ વિચારણા કરી. તે સંસ્થાએ આ પહેલાં 'માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી'ના નેજા હેઠળ એક પ્રકલ્પ સફળતાપૂર્વક પાર પાડ્યો છે. તેને અનુલક્ષીને હવે 'માધ્યમ મનગમતું, ઉત્તમ ગુજરાતી' પ્રકલ્પ માટે વિચારણા થઈ રહી છે.

આ પ્રોજેક્ટ ટીમે કરેલા અભ્યાસમાં એવું સમજાયું કે મૂળ સમસ્યા આ છે. ગુજરાતીનો સમાવેશ તો કરીએ, પણ તેને અપ્રસ્તુત, વધારાનો બોજ બનાવી દેવાને બદલે બાળકોની વિદ્યાકીય અને સાંસ્કૃતિક ધરોહરનો મૂલ્યવાન ભાગ બનાવવાનું કામ કેવી રીતે સહજ બનાવી શકાય?

આ પ્રકલ્પનું સંચાલન માતૃભાષા અભિયાન, NBMT, તથા અન્ય સહયોગી સંસ્થાઓ કરશે. આ પ્રકલ્પનો હેતુ અંગ્રેજી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ગુજરાતી માટે સહાયરૂપ થવાનો છે. તે માટે આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયેલી ભાષાશિક્ષણની નવી તરાહોનો ઉપયોગ કરવો જોઈએ. ઉપરાંત, આપણે ડિજિટલ તથા મુદ્રિત અભ્યાસ સામગ્રી વિકસાવવા માટે નિષ્ણાતોની ટીમની મદદ લેવી જોઈએ અને તે રીતે બાળકોની ભાષાસજ્જતા ઉત્કૃષ્ટ કક્ષાએ લઈ જવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રયત્નમાં જો જરૂર જણાય તો આપણે કેટલાક સ્વયંસેવક સહાયકોની mentors તરીકે મદદ લઈ શકીશું, જે નિયમિત ધોરણે શાળાની મુલાકાત લઈ મૂલ્યવાન પ્રદાન કરી શકે. આપણે શિક્ષકો તથા સહાયકોની (mentors) સજ્જતા માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન પણ કરીશું.

### પાઠ્યક્રમ અને અભિગમ

આપણે હવે સમજીએ છીએ કે માનવ ચિત્ત બહુભાષી ક્ષમતા ધરાવે છે. આપણે એ પણ જાણીએ છીએ કે બાળકના ચિત્તમાં કુદરતી રીતે થતી ભાષા-પ્રાપ્તિની પ્રક્રિયા અથવા અધિગ્રહણની (acquisition) પ્રક્રિયા, શાળામાં થતી ભાષા 'અધ્યયન'ની પ્રક્રિયા કરતાં વધુ અસરકારક નીવડે છે. બીજા શબ્દો-માં કહીએ તો, આપણો પાઠ્યક્રમ માત્ર વ્યાકરણ અને ભાષાશુદ્ધિને કેન્દ્રસ્થાને રાખવાને બદલે આનંદપૂર્વક કરવાની પ્રવૃત્તિઓને કેન્દ્રસ્થાને રાખે તેવું કરવું જોઈએ. અર્થાત, આપણા પાઠ્યક્રમમાં ભાષાના સ્વરૂપનું અધ્યયન કરવાને બદલે ભાષાના ક્રિયાકલાપનો અનુભવ કેન્દ્રસ્થાને રહે. તેના ભાગ રૂપે આપણે શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો દ્વારા બાળકની ક્ષમતા

વિકસાવવાનો પ્રયત્ન કરીશું.

યુરોપના કેટલાક ગણમાન્ય ભાષાવિદોના એક જૂથે વર્ષો સુધી અભ્યાસ કરીને ભાષા-ક્ષમતાઓનું જે માળખું નિપજાવ્યું તે CEFR, Common European Framework of Reference તરીકે વ્યાપક સ્વીકૃતિ પામ્યું છે, અને આજે મોટા ભાગની આંતરરાષ્ટ્રીય ભાષાકસોટીઓ તેના આધારે રચાય છે.

આ સંશોધનોના પરિપાક રૂપે આજે ભાષા-શિક્ષણનો બધો આધાર અધિગ્રહણ પ્રક્રિયાઓ પર અને અનુભવકેન્દ્રી પ્રક્રિયાઓ પર રચાય છે. આપણા આ પ્રકલ્પમાં આપણે ગુજરાતમાં થયેલા કેટલાક પ્રગતિશીલ પ્રયોગોમાંથી મળેલા બોધપાઠથી લાભાન્વિત થઈશું, જેમાં મુખ્યત્વે શેઠ સી.એન.વિદ્યાવિહારના પ્રયોગો તથા નિરંજન ભગત મેમોરીઅલ ટ્રસ્ટ પ્રેરિત માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી પ્રકલ્પનાં તારણો ધ્યાને લઈશું. આ પ્રકલ્પની કાર્યવાહી એક પાઈલટ પ્રોજેક્ટ રૂપે હાથ ધરવી, જેમાં ધોરણ ૨ થી ૫ (૨૦૨૫-૨૬) ધોરણ ૬, ૭, ૮ (૨૦૨૭) અને ધોરણ ૯ અને ૧૧ (૨૦૨૮) દરમિયાન અમલમાં આવે.

આ ત્રણેય તબક્કા દરમિયાન ત્રિવિધ કાર્યવાહી કરવાનું ધ્યેય રાખવું જરૂરી છે.

૧. પાઠ્યક્રમ અને અધ્યયન સામગ્રીનું સર્જન,
૨. શાળાઓમાં તેનો અમલ, અને
૩. પ્રકલ્પનું મૂલ્યાંકન (ત્રણે તબક્કાનું, તેમ જ છેવટે સમગ્ર પ્રકલ્પનું).

### પ્રતિભાગી શાળાઓ

આ સમગ્ર પ્રકલ્પની અપેક્ષા એવી છે કે પ્રતિષ્ઠિત શાળાઓ પોતાના વિદ્યાર્થીઓનું ગુજરાતી ભાષાનું કૌશલ્ય સંવર્ધિત થાય તેવા આશયથી આ કાર્યમાં સહભાગી થશે. અલબત્ત, ગુજરાતીની સાથોસાથ વિદ્યાર્થીઓનું અંગ્રેજી (અથવા જે તે માધ્યમની ભાષા) પણ ઉત્કૃષ્ટ કક્ષાએ શીખવામાં કોઈ અવરોધ થાય નહિ તે રીતે આયોજન થશે. ભાષા સંવર્ધનની સાથોસાથ બાળકોની સાંસ્કૃતિક સભાનતા પણ સમૃદ્ધ થશે જ. સહભાગી થતી શાળા પોતાના વિદ્યાર્થીઓ માટેની અધ્યયન સામગ્રી (પુસ્તકો)નું ખર્ચ ઉપાડવાની તૈયારી બતાવશે એવી અપેક્ષા છે. શિક્ષકોની તથા સલાહકારની (mentors) તાલીમનું તથા અભ્યાસ સામગ્રીનું ખર્ચ તથા પ્રકલ્પ સંકલનની જવાબદારી માતૃભાષા અભિયાન, NBMT તથા અન્ય સહયોગી સંસ્થાઓની રહેશે.

૧૮, અમ્બી બંગ્લોઝ, જોગી માતા સ્ટ્રીટ
લાંભવેલ રોડ, આણંદ, (મો) ૯૩૭૫૦૩૧૪૦૨

## ।। વિદ્યાવૃત્ત ।।

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ.ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલ, વ્યવસાયલક્ષી પ્રવાહ (ગૃહ વિજ્ઞાન)** : ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ.ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલ,વ્યવસાયલક્ષી પ્રવાહ (ગૃહ વિજ્ઞાન) શાળાની વિદ્યાર્થિનીઓએ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. બોર્ડનું પરિણામ ૯૦.૮૧% ટકા રહ્યું અને શાળાનું પરિણામ ૯૪.૦૨% રહ્યું. ધોરણ-૧૨ એફ.પી.ગૃપમાં અભ્યાસ કરતી કુ. પલ બ્રિજેશકુમાર ઠક્કરે ૮૭.૨૨% સાથે શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધો.૧૨ એચ.કે.ગૃપમાં અભ્યાસ કરતી કુ. મનસ્વી કૌશિક મારુએ ૮૭% સાથે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમજ ધો.૧૨ સિ.ટી. ગૃપમાં અભ્યાસ કરતી કુ. ધ્વનિ કલ્પશેભાઈ દરજીએ ૮૩% સાથે શાળામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનિયરશ્રી ભીખુભાઈ પટેલ તેમજ ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી ડો. એસ.જી.પટેલ તથા શાળાના આચાર્યા શ્રીમતી આશાબેન પટેલે વિદ્યાર્થિનીઓને આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

**|| નવલિકા ||**

## રણમાં વાવડો

**રજની પટેલ**

રણની કાંધીએ રેતીની ડમરીઓ ઊંચી-નીચી થવા લાગી. થોડી રેતીને પવન એની સાથે ઊંચે લઈને નીચે પછાડતો તો થોડી રેત પવનની સાથે ઊડીને એનું સરનામું જ બદલી નાખતી. રણની ખાંધીએ આમ તો ઝાંઝાં ઝાડ નહોતા... બે-ચાર પીલુડી, બાવળ, બોર અને ક્યાંક દૂર દૂર ઝાડ કહી ન શકાય તેવાં ખીદડાનાં છોડ જમીનથી ઉપર ઊઠીને વૃક્ષ બનવા માટે મથામણ કરતા હતા.

પાંચ-પચ્ચીસ ભૂંગાથી બનેલું નાનકડું ગામ જેને વાંઢ તરીકે ઓળખવામાં આવે. અને એ વાંઢના વડીલને નામ ઉપરથી વાંઢનું નામ પડેલું. એવી જ આ હતી વજાની વાંઢ. વજાની વાંઢમાં ગણીને પાંત્રીસ-છત્રીસ ભૂંગાની નાનકડી વસાહત. માનો કે એક જ વંશનો વેલો ભૂંગા બનીને જમીન ઉપર વિસ્તર્યો હતો. ઢળતી સાંજે ચારો ચરીને વળતી આવતી સાંઢણી ઘંટડીનો રણકાર રણના વાતાવરણને કર્ણપ્રિય બનાવી દેતું. ભૂંગાનો નીચેનો ભાગ માટીથી બનેલો અને ઉપરના ભાગમાં દેશી વંજી અને ડાભડાના ઘાસથી બનેલું છાપરું. ભુંગાની બહારની દીવાલ ઉપર માટી કલરથી કે ખડીથી ક્યાંક કયાંક આંખોને ઠારે એવું ચિત્રામણ કરેલું. જે ઘરની એટલે કે મૂંગાની શોભા વધારે અને મનને ઠારતું પણ ખરું. ભૂંગાની માઈલી પા મડવર્કથી આભલાને ટાંકવામાં આવેલા હથેળીની આંગળીઓથી પાડેલી આંગળીઓ ભુંગાની શોભા વધારે એ વધારાનું.

ભૂંગાથી અડીને જ લગોલગ કાંટાળીથી બનાવેલો વાડો. વાડામાં સાંજે રણમાંથી પરત આવેલા ઊંટ એમની ડોક લંબાવીને વરસાદની વાટ જોતા હોય એમ ઊભા હતા.

જેસરો ભૂંગાની બહાર નીકળ્યો.બહાર ઢાળેલા ઢોલિયા ઉપર બેઠો. એણે બીડી સળગાવવાનો પ્રયત્ન કર્યો. પણ રણની કાંધીએથી ઉતરાદી બાજુથી સુસવાટા મારતા પવને જેસરાને બીડી સળગાવવામાં ઝાઝી સફળતા ના આપી. જેસરાએ ફરીથી દિવાસળી સળગાવી પણ ફરીથી દિવાસળી ઓલવાઈ ગઈ. બીડી ન સળગી એટલે જેસરો ઊભો થયો. ભૂંગામાં દલી કલાડી પર રોટલા ઘડતી હતી. ચૂલાની નજીક ગયો ચૂલામાંથી સળગતો અંગારો પાંચે આંગળીએથી ઉપાડવાનો પ્રયત્ન કર્યો. જેસરાએ અંગારાને બે-ચાર વખત હવામાં ઉડાડ્યો...

હથેળો અને આંગળીઓ અંગારાને પકડવા તૈયાર ન થઈ એટલે જેસરાએ બીડી જ અંગારા ઉપર ચાંપી દીધી અને બીડી સળગાવી ઊભો થઈને પાછો બહાર ઢાળેલ ઢોલિયા ઉપર જઈને બેસી ગયો.

પવનના સુસવાટા વધવા લાગ્યા. વાયરાની સાથે સાથે વંટોળનું રૂપ પણ બિહામણું બનીને જેસરાની આંખની સામે ડોકાવા લાગ્યું. સતત છેલ્લા ચાર-ચાર વરસના દુકાળે વાંઢની દરેક વ્યક્તિની કમર તોડી નાખી હતી. પાંચમા દુકાળની બીકે જેસરાના દિલમાં ફડક પેદા કરી. એણે બીડીનો ઊંડો કસ લીધો. વાયરો જોર પકડતો જતો હતો. જેસરાને થયું, કાલે સવારે વાવડો જરૂરથી આવશે. એ ગભરાઈ ગયો. પવનની ઝાપટની સાથે ઊડીને આવેલી રેતી એના વાળમાં અને ઊડી ઊડીને આંખમાં કણાની માફક ખૂંચવા લાગી. જેસરો ફરીથી ઊભો થયો. વાડામાં ગયો. ચાર ચાર વરસના દુકાળમાં મોટાભાગની સાંઢણી જેસરાને એકલો મૂકીને કાગડા અને ગીધડાના મુખનો ખોરાક બની ચૂકી હતી. માત્ર બચી હતી એક સાંઢણી. વહાલથી જેસરો એને હીરી કહીને બોલાવતો. એ હીરી પાસે ગયો... એણે હળવેકથી ડોક લંબાવી. જેસરાએ હીરીની ડોક ઉપર હાથ ફેરવ્યો. હીરીના શરીરમાં કંપારી પેદા થઈ. જેસરાએ કંપનને અનુભવ્યું... હીરીના પેટમાં પડેલ ખાડાની આરપાર પાંસળી જેસરાની આંખમાં રેતીના કણાની માફક ખૂંચવા લાગી. જેસરાએ ત્યાંથી નજર હટાવી લીધી. ત્યાં તો

હીરીની આંખના કાળા કુંડાળામાંથી પાતળી આંસુની ત્રુટક ત્રુટક ધારથી બનેલ કાળા રંગની ધારને જેસરાએ નિહાળી. એણે એની ગરદનને બીજી દિશામાં વાળીને અને જાણે હીરી જોઈ ના જાય એમ જેસરાએ એની આંખના આંસુની આડે સવા મણનો નિઃસાસો આડો મૂકીને આંસુને અટકાવ્યા.

પોર સાલ જેસલમેરથી આવેલા સાંઢણીઓના વેપારીએ હીરીને એંસી હજારમાં માંગેલી... દલી તો તૈયાર થઈ ગયેલી પણ જેસરાના પેટનો ખાડો હીરીના રૂપિયાથી ભરાય એમાં એનું મન માનવા તૈયાર નઈ થયેલું. હીરીને જોઈને જેસરો ઢીલો પડી ગયો. વાડાનું કટલું આડું કરી ફરીથી ખાટલા ઉપર આવીને બેઠો. લાંબો સમય સુધી હીરી ભાંભરતી રહી...જેસરો સાંભળતો રહ્યો અને મનોમન કણસતો રહ્યો. દલીએ સાદ પાડી જેસરાને વાળુ માટે બોલાવ્યો. વાળુ કરી ફરીથી બીડી ચંપાવીને જેસરો ખાટલી ઉપર આવીને બેઠો. લગભગ ભૂંગામાં રોટલાની ટપાટપનો અવાજ બંધ થઈ ગયો હતો. ભૂંગામાં રાત્રિના અંધારામાં દેખાતી ચીમનીઓ રાત્રિમાં ટમટમીયા જેવી લાગતી હતી. ભૂંગામાંથી વારાફરતી દરેક જણ વાળુ કરીને બહારની ખાટલી ઉપર ગોઠવાવા લાગ્યા. ભૂંગાની વચ્ચોવચ ખાલી પડેલ જગ્યા એટલે વાંઢનું ઓપન એર થિયેટર જ માની લ્યોને. રાત્રે મેળાવડા થાય. ગીતો ગવાય અને ક્યારેક આનંદના પ્રસંગે જોડિયા પાવા અને મોરચંગ વગાડી ઉજવવામાં આવે... પણ છેલ્લા ચાર-ચાર વરસના દુકાળમાં આનંદના અવસરે ઉચાળા ભર દીધા હતા... અને ત્યાં માત્ર દુકાળને કારણે ભાંભરતી સાંઢણીઓને અને રાહત કામ કરીને ધમણની માફક ફૂલી ગયેલ ફેફસાં જ નજરે પડતા.

વારાફરતી બધા જ ભૂંગામાંથી સ્ત્રીઓ પણ નીકળવા લાગી. હવે લગભગ ભૂંગામાં કામ પતી ગયું એની ચાડ ઓલવાતી જતી ચીમનીઓ ખાતી હોય એવું લાગ્યું. પહેરણ પહેરેલા છોકરાઓએ બહાર ઢોલિયા ઉપર જ લંબાવાનું શરૂ કર્યું. એકબીજાના ઢોલિયા ખેંચીને વડીલો નજીક નજીક ગોઠવાવા લાગ્યા. ચલમ અને બીડીના દોરની વચ્ચે વેદના-સભર વિચારોની વણથંભી વણઝાર શરૂ ગઈ.

"કુદરતે પણ આપણી કારમી પરીક્ષા કરી છે... પણ મારું મન હજુ પણ સાલ રોકાઈ જઈએ... મારો વ્હાલો ઓણસાલ તો વરહશે હો... થોડી ધીરજ રાખો બાપલા..."

"હવે શું વરસે બાપલા... અડધો અષાઢે તો ચપટી વગાડતા જ નીકળી ગયો... નથી ચાંય વીજળી કે નથી ચાંય વાદળાં... હવે શું વરહશે !" કુદરત તરફથી તમામ આશા મૂકી દીધેલ અવાજે દેવલો બોલ્યો.

"હવે તો મૂઆ આપણી કને વધ્યું પણ શું છે તે અહીં રોકાઈને મનને મનાવીએ. સંધીય વાંઢની ભેગી કરો એટલે આંગળીના વેઢે ગણાય એટલી સાંઢણીઓ વધી છે અને ઓણ સાલ જો અહીં ને અહીં જ પડ્યા રઈએ તો એને પણ ગણવાની જરૂર નહીં પડે... ખરુંને કરમાભાઈ, સાચી વાતને ?"

કરમાએ હા... માં... હા મિલાવી અને ઓલવાયેલી ચલમને ખેંચી રાખી.

જેસરો ઊભો થયો. વાવડાના એંધાણનો અણસાર જેસરાને આવી ચૂક્યો હતો. વાડાનું કટલું ખોલ્યું... ત્યાં તો અંધારામાં વાડાની વાડમાંથી બે-ત્રણ હોલાની પાંખોનો ફફડાટ સંભળાયો... હોલા ઊડીને અંધારામાં આમથી તેમ ઊડવા લાગ્યા. જેસરો હીરીની નજીક ગયો. ફરીથી એણે હીરીની ડોકની નીચે અને ઉપર હાથ ફેરવ્યો. હીરીને ઊભી કરવા ડચકારી... હીરીની પાછળની બાજુ જઈ પગની એડીથી એને લાત મારી... પણ હીરી ઊભી ન થઈ શકી...જેસરાને લાગ્યું. બીમાર હીરી ક્યારે ઊભી નહીં થઈ શકે. એક ગાડું ભરાય એટલી વેદના લઈને કટલું બંધ કરી તે ફરીથી ઢોલિયા ઉપર ગોઠવાયો.

જેસરો પાછો આવ્યો ત્યારે તો વાંઢના વડીલોએ પાંચ દિવસ પછી વાંઢ છોડીને ઢોર-ઢાંખર લઈને નીકળી પડી વાંઢ ખાલી કરવાનો નિર્ણય લીધો.


ISSN 0976-9609

જેસરો બેઠો બેઠો એકલો વિચાર કરવા લાગ્યો... મારે શું કરવું.. બધા વાંઢ છોડીને જતા રહેશે... મારી હીરી પાંચ દિવસમાં સાજી નહીં થાય તો...? હીરી ઊભી નહીં થઈ શકે તો ? હીરીને એકલી મૂકીને તો કઈ રીતે જવાય ? રાની પ્રાણીઓ મારી હીરીને ફાડી જ ખાય... ના...બાપ...ના મારાથી નહીં અવાય... જેસરો મોટે મોટેથી રાડ પાડી ઊઠ્યો. જેસરાના ડૂસકાં રેતીના કણમાં ભળવા લાગ્યા. હીરી વાડામાં ભાંભરવા લાગી... વાંઢા આખી ઊભી થઈને સ્તબ્ધ થઈ ગઈ. ગીગા અને દેવલાએ ફરીથી ચલમ સળગાવી જેસરાની તરફ લાંબી કરી.

બધાં વારાફરતી એમના ભૂંગામાં જઈને લંબાવવા લાગ્યા. ભૂંગામાં સ્ત્રીઓના પ્રતિનિધિત્વના પડઘા બહાર સંભળાતા હતા. અંતે તો દરેક ભૂંગાનું સંચાલન સ્ત્રીઓના હાથમાં રહેતું. પુરુષોએ લીધેલા નિર્ણયને ભૂંગાની અંદરની દીવાલોએ પણ આવકાર આપ્યો.

જેસરો હજુ બહારના ઢોલિયા ઉપર બેઠો હતો. દલી ભૂંગામાંથી બહાર આવી. ઢોલિયાની સામે ગોઠવેલા પથ્થરની બેઠક ઉપર બેઠી. પાંચ દિવસ પછી શું કરવું એની ગડમથલમાં બંને એકબીજાના વિચારોમાં ઓતપ્રોત થવા લાગ્યા., ચર્ચાને અંતે નિર્ણય લેવાયો કે હીરી ઊભી થઈ શકે તો જ આપણે જઈશું...નહીંતર હીરીને એકલી મૂકીને તો કોઈ સંજોગોમાં નહીં જઈએ. દલીએ ઊભા થતાં થતાં ઘેડમાંની બાધા રાખી. હે માં ! મારી હીરી ઊભી થઈ જાય તો તને સવા પાંચ શેરની સુખડી ધરાવીશ. બંને ઊભા થયા. રાત લગભગ અડધી ઓસરીએ જઈને પડાવ નાખીને બેઠી હતી. જેસરાએ આકાશમાં નજર નાખી. ચાંદો નિસ્તેજ બનીને એનો પ્રકાશ પાથરતો હતો. જેસરાને લાગ્યું કાલનો સૂરજ પણ ઊગશે ખરો પણ પ્રકાશ વગરનો... જેસરાને થયું કે કાલે સો ટકા વાવડો આવશે અને રેતી સૂરજને ઢાંકી દેશે.

બીજા દિવસે સવારે ઊઠીને જોયું તો જેસરાની ધારણા સાચી પડી. ધૂળની ડૂમરીઓની સાથે વાવડાએ પ્રસ્થાન કરી દીધું હતું. બે-ચાર હોલા, કાબર અને ચકલા ઉડાઉડ કરવા લાગ્યા. કદાચ એમને પણ નજીકના દિવસોમાં એમના અસ્તિત્વના અંતની ખબર પડી ગઈ હોય. ધૂળની ડૂમરી વચ્ચે બે ભૂંગાને પણ નજીક હોવા છતાં પણ જોઈ નહોતા શકાતા. વાવડાની સાથે ઊડતી જેસરાની દાઢીં અને વાળમાં ભરાવા લાગી. ગરમીને કારણે એના પહેરણ ઉપર પરસેવાના રેલાં ઊતરવા લાગ્યા અને એની ઉપર ઊડીને આવેલા રેતીના કણ ચોટીને પહેરણનું પોત પણ જાડું કડક અને શરીરની ચામડીને વાગે તેવું બની ગયું હતું. હજી તો જેસરાએ દલીને રાડ પાડવા મોઢું ખોલ્યું, ત્યાં તો દાંતમાં પણ ધૂળ ભરાઈ ગઈ. થોડીવાર કચડભચડ થઈને રેત મોઢામાં એની જગ્યાએ ગોઠવાઈ ગઈ, દર વર્ષની માફક જ.

જેસરાની આંખોમાં, વાળમાં, પાંપણમાં, પહેરણ ઉપર અને શરીરના લગભગ અંગોમાં રેતી કણાની માફક ખૂંચવા લાગી. ફરીથી એ દોડતો વાડામાં હીરી પાસે ગયો. હીરી ડણકવા લાગી. આજના હીરીના ડણકારામાં થોડો ભય હોય એવું જેસરાને લાગ્યું. જેસરો નીચે બેઠો હીરીને બાથમાં લેવી હોય તેમ જેસરાએ વહાલ કર્યું અને હીરી પણ એની એકની એક દીકરી હોય એમ એકીટશે આંસુને ટપકાવતી જેસરાને તાકી રહી. હીરીની આંખમાં પૂરાયેલી ધૂળને જેસરાએ હળવા હાથે કાઢવાનો પ્રયત્ન કર્યો પણ હીરી બિચારી ઊભી ના થઈ શકી.

પાંચ દિવસ પછી વહેલી સવારે વાંઢમાં હલનચલન અને ગતિવિધિ વધી ગઈ હતી. ભૂંગાની વચ્ચેની જગ્યામાં પાંચ-સાત સાંઢને લંગારવામાં આવ્યા હતા... ઉપર ઊંધી ખાટલીઓ ગોઠવાઈ.. કાળા ધાબડાવાળીઓ સ્ત્રીઓ ભૂંગામાંથી સામાન કાઢી લાવતી તો પુરુષો ખાટલી ઉપર સામાનને ગોઠવતા હતા. ખાટલીના પાયા ઉપર ફાનસ લટકાવવામાં આવી તથા બીજી બાજુ પાણી ભરવાની બતક અને માટલાં ઊંધા પાડ્યાં. ભૂંગામાં રહ્યોસહ્યો સામાન બહાર કાઢવામાં આવ્યો. ખાટલી ઉપર ગોઠવાયો.

વાંઢની સૌથી મોટી ઉંમરના માજીએ વાંઢની બહાર દીવો પ્રગટાવ્યો અને ઘેડ માતાજીની પ્રાર્થના કરી. વાંઢ ખાલી થઈ ગઈ. માત્ર વાંઢમાં જેસરો...હીરી... ને દલી જ વધ્યા.

જેસરો કુહાડી લઈને ઉભો થયો...એને થયું કે હીરી માટે થોડો પીલુનો ફાલ મળે તો કાપી લા... જેસરો એક ખૂંયરા (કૂવા જેવું રણમાં ખોદેલ ખાબોચિયું) પાસે જઈને ઉભો રહ્યો. ખુંયરામાંય પાણી ઊંડે ઊંડે સુધી નહોતું.. બાજુના હવાડામાં સરકારી ટેન્કર આવતાં તે પણ પંદર વીસ દિવસથી બંધ થઈ ગયા છે. જેસરો મનોમન બબડ્યો... પાણી અવાડામાં ક્યાં ઠલવાય છે એ તો સાહેબો અને રાજકારણીઓના પેટમાં ખાલી થાય છે. રેતી ઊડીને આખા શરીરે કણાની માફક ખૂંચતી હતી. હતાશ જેસરો ખાલી હાથે પાછો વળ્યો. રસ્તામાં જેસરાએ જોયું તો મરી ગયેલ પશુધન ઉપર કાગડા-સમડીઓ અને ગીધ ઉડાઉડ કરતા હતા... મરી ગયેલા ઊંટના હાડપિંજરમાંથી કાગડા ચાંચ વાડે ખોતરી ખોતરીને ઉડાઉડ કરતા હતા.

જેસરા એ દશ્ય જોયું... એને એની હીરી યાદ આવી ગઈ. ના...ના...જેસરાથી મોટેથી રાડ પડાઈ ગઈ. રાડના પડઘા રણમાં વિસ્તરવા લાગ્યા. જલ્દી જલ્દી ઘેર પહોંચ્યો. ત્યાં તો દલી માથે હાથ દઈને હીરીની બાજુમાં વાડામાં બેઠી હતી. દલીએ જેસરાને કહ્યું - "હવે તો મારો ભગવાન હીરીને લઈ લે તો સારું... એક મહિનાથી બીચારી ઊભી નથી થઈ... જોન..આ એની પીઠને કાગડાઓએ ચાંચો મારીને લોહીલુહાણ કરી દીધી છે... પેટના નીચેના ભાગે પણ પાઠા પડ્યા છે જેસરા, હવે હીરીનું દુઃખ નથી જોવાતું."

"હા...દલી...હા...આપણે કહીએ એમ થોડું થાય...ઈ તો ઉપરવાળાના હાથમાં છે..." જેસરાએ બાજુ લંબાવી. જેસરાને સમયનો અણસાર આવી ગયો. ભૂખ અને તરસથી હીરીનો જીવ આકુળવ્યાકુળ થતો હતો. જેસરો અને દલી નિઃસહાય બનીને જોઈ રહ્યા. ત્યાં તો હીરીએ એની ડોક જેસરાના ખોળામાં નાખી. દલી ઊભી થઈ. પેટ ઉપર હાથ ફેરવ્યો... પેટ ઉપર માથું ગોઠવી દલી હીરીના ધબકાર સાંભળવા લાગી...પણ ત્યાં તો જેસરાએ હીરીની આંખો તરફ જોયું. હીરીની આંખોના ડોળા ફાટી ગયા હતા... જેસરાએ ધીરેથી બંને આંખોને બંધ કરી...અને મોટી પોક મૂકી. દલી અને જેસરો હીરી ઉપર માથા ટેકાવી આખો દિવસ એમને એમ બેસી રહ્યા.

આકાશ તરફ જોયું તો કાગડા, સમડી અને ગીધ જેસરા અને દલીને ત્યાંથી ઊભા થવાની રાહ જોઈને ઉડાઉડ કરતા હતા.

(મો) ૮૮૨૫૩ ૩૧૮૯૮

જાણવા કરતાં સમજવું ઘણું મહત્વનું છે. તમને જાણતા તો ઘણાં હશે.
પણ સમજનારા બહુ ઓછાં હશે.

જે નિરાશા ને કદી જોતા નથી, તે આશા કદી ખોતા નથી.
અને જે પ્રયત્નો પર જીવી જ જાણે છે
તે કદી કિસ્મત પર રોતાં નથી.


ISSN 0976-9609

|| નિબંધ ||

## સરપ્રાઈઝ !

ડંકેશ ઓઝા

પ્રત્યેક નવી પેઢી પોતાના નવા નુસખા શોધી કાઢતી હોય છે. એ અર્થમાં કહેવું જોઈએ કે સમાજને સતત નવીન ઉન્મેષો પ્રાપ્ત થતા રહેતા હોય છે. કંઈક નવું કરવું, કંઈક જુદું કરવું, કંઈક નવીન રીતે કરવું, એ મથામણ એની પાછળ રહેલી હોય છે. નવું તો થવું જ જોઈએ. કારણ સમય જતાં જૂનાથી કંટાળો આવતો હોય છે.

આપણે ત્યાં એક સરસ પ્રયોગ છે. જો પાછો કંઈ નવું ન કરતો. ચાનો કપ અને રકાબી રસોડામાં મુકવા મોકલ્યો હોય અથવા તે ધોઈને મુકવાનું કહ્યું હોય ત્યારે વડીલો ખાસ આ વાક્ય બોલતાં. એનો અર્થ બધાંને સમજાતો કે કંઈ તોડફોડ ન કરતો. નવીન કરવામાં તોડફોડ થવાની સંભાવના રહેલી છે એનો એક પ્રકારે સ્વીકાર પણ થતો. કંઈક નવીન કરવા જાવ તો કંઈક તૂટે-ફૂટે પણ ખરું આ તો ચીજ-વસ્તુની વાત છે. પણ સામાજિક પરંપરાઓ પણ તૂટે એવું બનવાનું. પછી એ વલણ તરત ટીકાપાત્ર બને. પરંતુ લાંબે ગાળે અનુકૂળ પણ લાગે.

આજના સમયમાં બીજાને, ઘરનાંને, મિત્રોને, સરપ્રાઈઝ આપવાનું વલણ અને એનો આનંદ ચારેકોર નજરે પડે છે. બાળકો કે એનાં બાળકો વિદેશથી આવવાનાં હોય તો જાણ ન કરે. સીધા દરવાજે આવીને ઊભાં રહે કેમ, તો કહે કે સરપ્રાઈઝ આપવી હતી ! લગ્નતિથિ, વર્ષગાંઠ કે એવો કોઈક આનંદનો પ્રસંગ ઉજવવો હોય તો બાકીના બધાંને કહેવાનું, પણ જે કેન્દ્રમાં છે, જેનો પ્રસંગ છે, એને માત્ર અંધારામાં રાખવાનો. આખો મેળાવડો હાજર હોય ત્યારે ત્યાં એ વ્યકિતની એન્ટ્રી કરાવીને, સરપ્રાઈઝ આપવાની. કુટુંબમાં પણ એકબીજાને જાતભાતની સરપ્રાઈઝ ગિફ્ટ આપવાની.

ઈવેન્ટ વધ્યા છે, એની ઉજવણીઓ વધી છે તેથી ગિફ્ટા-ગીફ્ટીનું વલણ પણ બહુ વધ્યું છે, ગિફ્ટશોપ્સ પણ વધી છે. એની પસંદગી પાછળની ચર્ચાઓ વધી છે. આ બધું સમાજે સહજપણે સરળતાથી સ્વીકારી પણ લીધું છે.

જૂની પેઢી અને નવી પેઢીના વર્તન-વલણ-વ્યવહારમાં તફાવત હોય એ કંઈ નવી વાત નથી. બન્નેની માનસિકતા જુદી હોય છે. વડીલોને એમ લાગે છે કે સરપ્રાઈઝ એ કંઈ ગિફ્ટની માફક આપવાની બાબત નથી. એ તો અનુભવવાની વાત છે. અચાનક અને આકસ્મિક બને અને એનો સુખદ આનંદ હોય એ સરપ્રાઈઝ. એમાં કોઈએ કરેલી પાકી ગોઠવણ ન હોય, એનું ઝીણવટભર્યું લાંબા ગાળાનું આયોજન ન હોય. એવું બધું કરીને ઊભું કરેલું સરપ્રાઈઝ એને નાટક જેવું લાગવાનું. નાટકની ભજવણી પૂર્વે રિહર્સલ થતાં હોય છે. સરપ્રાઈઝ એ તો સરપ્રાઈઝ જ હોય એની પૂર્વે કશું જ આયોજન ન હોય એવી આકસ્મિકતાનો જે આનંદ છે એ-પૂર્વ હોય, વિચારીને ઊભો કરેલો ન હોય.

ભારતીની સરકારી નોકરીમાંથી સેવા-નિવૃત્તિનો દિવસ હતો. અમે નીકળ્યા હતા ઓફિસે જવા. હું ગાડી ચલાવતો હતો ને ભારતી બાજુમાં બેઠી હતી. દિવસ પૂરો કરીને નિવૃત્તિનો હુકમ લઈને આનંદપૂર્વક સાંજે પાછા ફરવાનો ખ્યાલ હતો. અડાલજથી સચિવાલય કંઈ લાંબા અંતરે ન હતું. રસ્તામાં મિત્ર એ.ડી.પટેલનો એકદમ ફોન રણક્યો. એ સમાચાર આપતો હતો કે સાહેબ, ભારતીબેનની વર્ગ-૧માં નાયબ નિયામક તરીકે બઢતી થઈ છે તેનો હુકમ લેવા આવી જજો.

આ ખરી સરપ્રાઈઝની ઘડી હતી. લાંબી નોકરી પછી નિવૃત્તિ થવાનો આનંદ તો હતો. સોનામાં કદી સુગંધ ભેળવવાનું શક્ય જ નથી. પણ આપણે ત્યાં પ્રયોગ છે કે 'સોનામાં સુગંધ ભળી.' નિવૃત્તિના દિવસે બઢતી. નિવૃત્તિનું સોનું અને બઢતીની

સુગંધ. ચવાઈ ગયેલો શબ્દપ્રયોગ જીવંત બની જતો લાગતો હતો ! વાતાવરણમાં તેને કારણે સુગંધ ઊમેરાઈ જતી હતી.

સરપ્રાઈઝ તો આનંદ કહેવાય. હજુ આનંદ શમતો ન હતો તેથી પૃચ્છા કરી કે એથી શો ફેર પડશે ? ઓર્ડર ઈસ્યુ કરનાર અધિકારીનું કહેવું હતું કે ઓર્ડર લઈને નવી જગ્યાએ હાજર થવાનું. નિવૃત્તિનો હુકમ નવી કચેરી કરશે. ભારતીબેન નાયબ નિયામક તરીકે નિવૃત્ત થયાં. એમ કહેવાશે.

નોકરીમાં બઢતી બધાંને મળતી નથી અને મળે તો સમયસરની લાગતી નથી, નોકરીના સમયની એ મહત્ત્વની ઘટના હોય છે. ક્યારેક તો લાં...બી... પ્રતીક્ષાને અંતે તે મળતી હોય છે. તેથી તેનો આનંદ હોય છે. કોઈ શક્યતા ન હોય ને એકાએક એ આવી પડે, આવી મળે, એનો આનંદ અદકો હતો. નોકરીમાં મોટે ભાગે સરપ્રાઈઝ ઓછી હોય છે. આઘાત જ વધારે હોય છે ! અહીં તો આનંદના અતિરેકની સરપ્રાઈઝ સર્જાઈ રહી હતી.

નિવૃત્તિ પછી લખવા-વાંચવામાં સમય સારી રીતે પસાર થાય છે. ઘણા કાર્યક્રમોમાં જવાનું થતું હોય છે. વક્તા તરીકે પણ જવાનું થતું હોય છે. એમાં કોઈ સરપ્રાઈઝ નથી. કોઈ કાર્યક્રમમાં માત્ર ને માત્ર શ્રોતા તરીકે જ ગયાં હોઈએ અને મંચ પરથી કોઈને લાગે અને આપણને બોલવા માટે આગ્રહ કરાય તો એ ચોક્કસ સરપ્રાઈઝ છે. ત્યારે તો ખરી જ પણ તે પછી પણ જ્યારે જ્યારે સ્મૃતિની સંદૂક ખૂલે ત્યારે વળી પાછો આનંદ અને આનંદની લાગણી તમને ઘેરી વળે.

વ્યવસ્થિત અને આયોજન પછી ચાલી રહેલી પૂરેપૂરી ઔપચારિક સભામાં અચાનક તમને નિમંત્રણ અપાય અને બાકીના સમૂહને પણ એમાં કંઈ અયોગ્ય ન લાગે એ વખતે થતી સરપ્રાઈઝની લાગણી આગળ એવોર્ડ પણ ઝાંખા પડે. આવી એક-બે ઘટનાઓ સ્મૃતિમાં કાયમી રીતે જડાઈ ગઈ છે.

મોટે ભાગે લોકોને મોટાભા થવું ગમતું હોય છે. બહુ ઓછા લોકો પોતાને મળેલી તક બીજાને આપીને આનંદ લેતા હોય છે. મોરારીબાપુ વિવિધ ક્ષેત્રોમાંથી પસંદગી પામેલા વ્યક્તિત્વોને હનુમાન જયંતીએ પુરસ્કારતા હોય છે. લેનારને પણ એવોર્ડ બાપુના હાથે મળવાનો છે. તેનો સ્વાભાવિક આનંદ હોય છે. એવે સમયે બાપુ પોતે પુરસ્કૃત વ્યક્તિનું શાલ ઓઢાડી સન્માન કરી લે છે. એવોર્ડ અને ચેક મોટે ભાગે સભામાંથી યોગ્યને, તદ્દન આકસ્મિક રીતે બોલાવીને, તેમના હાથે તે અપાવે છે. આ નાની-સૂની વાત નથી બહુ મોટી વાત છે. બધું હું જ કરું એમ નહિ, બીજાને પણ આનંદમાં સહભાગી બનાવો અને એ પણ સરપ્રાઈઝ આપીને એ રીત બાપુએ કેળવી લીધી છે. અન્ય કોઈ સમારંભોમાં જવલ્લે જ જોવા મળે એવી નોખી-અનોખી પરંપરા બાપુએ સ્થાપી દીધી છે. મને પણ એ સરપ્રાઈઝનો લાભ મળ્યો છે. તેથી એની યાદ આવવી સાવ સ્વાભાવિક છે.

તો મૂળ વાત સરપ્રાઈઝમાં આયોજન ન હોય, એ આકસ્મિક હોય, એ સુખદ અકસ્માત હોય. તેથી સાચુકલી સરપ્રાઈઝ હોય એનું મૂલ્ય, એની મજા કંઈક જુદી જ હોય તેથી કહેવું ગમે છે કે સરપ્રાઈઝ આપવા કરતાં અનુભવવાની વિશેષ છે.

---

૬, સ્વાગત સીટી, મુ.પો. અડાલજ-૩૮૨૪૨૧,
(મો) ૯૭૨૫૦૨૮૨૭૪

---

*Surprise is the greatest gift which life can grant us. ...*
*Don't tell people how to do things, tell them what to do and let them surprise you with their results. ...*
*Each day holds a surprise. ... I have seen many storms in my life.*


ISSN 0976-9609

## आयुर्वेद की विशेषता : अरिष्ट लक्षण

[1]वैद्य सागर भींडे [2]वैद्या अनिता यादव

प्राय: समाज मे अनेकबार सुनने को मिलता है कि फला-फला व्यक्ति रात तक या कल तक तो ठीक थे और सुबह उनकी मृत्यु हो गई । लेकिन ऐसा नहीं होता, हर मृत्यु के पूर्व कुछ ऐसे लक्षण होते हैं जो मृत्यु के एक दिन, दो दिन, तीन दिन या सात दिन पूर्व देखने को मिलते हैं । उन्ही लक्षणों को अरिष्ट कहते हैं । यह ज्ञान, या कहो कि यह विज्ञान, आयुर्वेद चिकित्साशास्त्र की एक बहुमूल्य भेट है जिसके माध्यम से समाज में स्वास्थ्य एवं आर्थिक द्दष्टिकोण से चिकित्सा के क्षेत्र में बहुत बडा योगदान हो सकता है ।

अर्थात् मृत्यु के पूर्व जो मृत्यु सूचक लक्षण होते हैं, वही अरिष्ट होते हैं, और कोइ भी मृत्यु बिना अरिष्ट के नहीं होती, जैसे कि बिना पुष्प के कोई फल नहीं आता । बस शर्त है कि ये लक्षण पहचान में आ सके । इसके लिए आयुर्वेद के ग्रंथो में बहुत ही सरल और सही तरीके से इन लक्षणों को बताया गया है । जिसके बारे में इस लेख मे हम विवरण करेंगे ।

यह भी विशेष नोंधनीय बाबत है की इस अरिष्ट सूचक लक्षणों को जानने के लिए अत्यन्त सूक्ष्म द्दष्टि का होना अनिवार्य है ।

जैसे मृत्यु होने पर आत्मा शरीर से अलग हो जाती है, जैसे ही मृत्यु होने के पूर्व शरीर के प्राकृत वर्ण, स्वर, इन्द्रियाँ, शरीर का स्पर्श, शरीरकी गन्ध, विकृत होने लगते हैं । सूक्ष्म द्दष्टि से देखने से यह सब हम जान सकते हैं ।

अगर कोई व्यक्ति लंबे समयसे व्याधि ग्रस्त है और उनके शरीर में सामान्य से ज्यादा ही मख्यिा बैठने लगे तो समजना चाहिए की उनकी रस धातु गंभीर रुप से विकृत हो गई है जिसके परिणाम स्वरुप मलाधिक्य होने व आगे की घातुओं (रक्त, मांस, अस्थि, मज्जा, शुक्र) का पोषण सही से न होने के कारण उनकी मृत्यु नजदीक ही है । वह प्राकृतिक संकेत को देखने के लिए रोगी का भी प्राकृत वातावरण में होना जरुरी है । आज कल के ICU सेटअप में रोगी की रसधातु भले ही कितनी भी विकृत हो, लेकिन यह अरिष्ट लक्षण अवश्य ही देखने को नहीं मिलेगा ।

* आयुर्वेद मे वर्णित ऐसे ही शरीर के वर्ण आधारित अनेक अरिष्ट लक्षण बताये हैं जिसको हम आजके संदर्भ मे Cyanosis (सायनोसीस), Pallor (पाण्डुता) Icterus (पिलिया), Clorosis (हरीताभ पाण्डुता) इत्यादि वर्ण से समज सकते हैं, जिसकी उपस्थिति गंभीर व्याधि को दर्शाती है ।
* आयुर्वेद में वर्णित व्रण (घाव) के आघारित अरिष्ट को हम Kennedy Terminal Ulcer (केनेडी टर्मिनल अल्सर) के संदर्भ से समज सकते हैं यह घाव सामान्य तौर रीड की हड्डी के बिलकुल नीच के भाग मे होता है और सामान्या तौर पर ये घाव कभी भरता नहीं और व्यक्ति सप्ताह या तो ज्यादा से ज्यादा कुछ महिनों के लिए ही जिंदा रह पाता है ।
* ऐसे ही आयुर्वेद में वर्णित शरीर मे गंघ संबंघी अरिष्ट लक्षणो को आज के विज्ञान के अंतर्गत दीए गए गंभीर रोग के गंध संबंधी लक्षणों से भी समज सकते हैं । जैसे कि बढ चुके खुन के केन्सर में (ल्युकेनिया) में साँस से मीठी गंध आती हैं। वृक्क की व्याधि में (रीनल फेल्युअर) में साँस से मुत्र की गंध आती है । बढ चूके स्तन केंसर और शिर गले के केंसर में सडे हुए मांस भी गंध आने लगती हैं । और यह सब गंध आने लगना मृत्यु की निकटता को ही दर्शाता हैं ।

ISSN 0976-9609

यह तो बात हुई व्यक्ति या तो रोगी से आश्रित अरिष्ट लक्षणों की लेकिन आयुर्वेद सूक्ष्मतम विज्ञान है यह ईसी बात से पता चलता है कि इसमें मृत्युस्थ शरीरमें अनाश्रित अरिष्ट लक्षणो को भी विषदता से बताया गया है ।

जैसे कि रोगी को अस्पताल से । आते अशुभ सुचक भावों का दर्शन होना

वैद्य के रोगी के घर में जाते समय, रोगी के घरमें चारपाई खाट का उल्टा रखा रहना ।

अंगारे या दिये (अग्नि) का रोगी के घर से बाहर निकलते हुए देखना । इत्यादि...

आज के विज्ञान के पास ईन सभी रोगी अनाश्रित माया को जांचने का उनका संबंध मृत्यु से जोडने का कोई मापदंड नहीं है, परंतु कहते हैं ना कि 'Absence of Evidence is not the Evidence of Absence' अर्थात् प्रमाण का न होना यह कोई वस्तु के न होने का प्रमाण नहीं हो सकता । भविष्य के गर्भ में अवश्य ही इसका भी प्रमाण मिलेगा ।

आयुर्वेद के आचार्यो ने जैसे अरिष्ट लक्षणों के महत्त्वता को स्वीकार करते हुए आयुर्वेद चिक्त्सिा विज्ञान में समाविष्ट किया था वैसे ही आज के विज्ञान ने भी सृत्यु की संभावना को जानने के लिए APACHI-III (एक्युट फिजियोलोजीकल एवं क्रोनिक हेल्थ ईवेल्युएशन) नामक मानक को निर्माण किया है । इस मानक का उपयोग ICU में दाखिल मरीज की मृत्यु की कितने प्रतिशत संभावना है यह जानने के लिए किया जाता है ।

अर्थात मृत्यु की संभावना या तो मृत्यु का समय जानना, यह चिकित्साशास्त्र की आवश्यकता तब भी थी और आज भी है । आयुर्वेद में वर्णित इन्द्रियस्थान में यह सभी अरिष्ट लक्षणों को वर्णन विस्तार से प्राप्त है परंतु ईस लेख में जानबुजकर मैंने वह सभी लक्षणों का यहा विवरण नहीं किया है क्यूँकि अगर इस लक्षणो को समजे बिना सामान्य जन अगर एक दूसरे में ढुंढने लगेंगे तो नाहक की किसीको अपने मृत्यु की चिंता घर कर जाएंगी । ईसलिए मेरा यह लेख पाठकों को आयुर्वेद की, कहिए की भारतीय चिकित्सा विज्ञान की यह विशेषता की और सीर्फ संकेत करना था । वैज्ञानिकों के लिए शोध के नये आयाम खोलने का था । अस्तु ।

[१]सहायक आचार्य, ITRA, जामनगर
[२]पोस्ट ग्रेज्युएट स्कोलर, ITRA, जामनगर

"The body is the foremost tool for manifesting our mind."

"Your body is your temple; your food is your sacrifice."

"Ayurveda teaches us to live in harmony with ourselves, others, and the environment to achieve true well-being."
**- Ayurvedic principle.**

 ISSN 0976-9609

**|| સંસ્મરણ ||**

## ભાઈકાકા સાથેનાં મારાં સંસ્મરણો (૧૯૬૬ થી ૧૯૭૦)

**અનિલ એમ. પંડ્યા**

અમદાવાદમાં બેસતી ગુજરાત વિધાનસભાના તેમના કાર્યાલયમાં તા. ૧ ઓક્ટોબર ૧૯૬૬ માં સૌ પ્રથમ વખત પરમપૂજ્ય ભાઈકાકાને મારા એક અંગત સ્નેહી પરિચિત સુશ્રી મંદાબેન દ્વારા મળવાનું સાંપડ્યું. અમદાવાદની સ્વતંત્ર પક્ષની તે વખતની ભદ્રની ઓફિસમાં કામ કરતાં આ સુશ્રી મંદાબેને પૂજ્ય ભાઈકાકાના અંગત મદદનીશ તરીકે કામ કરવા જવાની ઇચ્છા હોય તો તેમને મળવા મને બોલાવેલો. બી.એસસી. થઈને સર્વિસ મેળવવાના પ્રયત્નો કરતા મારા જેવાને આ તક ખૂબ ઉપયોગી થઈ પડશે એમ સમજી હું પૂજ્ય ભાઈકાકાને મળવા અમદાવાદના વિધાનસભાના તેમના કાર્યાલયમાં ગયો હતો.

તેઓશ્રીની પ્રથમ મુલાકાતથી અને તેમની સાથેની વાતચીતથી 'કોરા કાગજ' જેવા મારા મન પર ખૂબ ઊંડી પ્રભાવશાળી અસર પડી હતી. કદાવર દેહ અને ચરોતરી પાટીદારની તેમની લાક્ષણિક સ્પષ્ટ વાતોથી આકર્ષાઈને અને ભાવિ જીવનની ઉજ્જ્વળ આકાંક્ષાઓ સાથે તેમના અંગત મદદનીશ તરીકે તેઓશ્રીની સૂચના પ્રમાણે તા. ૧૦ ઓક્ટોબર ૧૯૬૬ ના રોજ વલ્લભ વિદ્યાનગરમાં કુલપતિ નિવાસ તરીકે જાણીતા તેમના નિવાસસ્થાન હું આવ્યો હતો. ! વૃક્ષોની વનરાજીથી ભરપૂર, સ્વચ્છ અને સુઘડ વલ્લભ વિદ્યાનગરને પ્રથમવાર જોઈને આવા સુંદર ગ્રામનગરમાં નગરના આદ્યસ્થાપકના સાનિધ્યમાં રહેવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું તેથી મનોમન, હું ખૂબ ગૌરવપૂર્ણ આનંદ અનુભવતો હતો.

"મહિને ૨૦૦ રૂપિયા હું આપીશ અને રહેવા-જમવાની સગવડ મળશે." તેવી તેમની સ્પષ્ટતા સ્વીકારી લેવામાં મને કોઈ મુશ્કેલી નડી ન હતી... કારણ કે તે સમયે પણ જેવી મળે તેવી નોકરીની તલાશ કરતાં મારા જેવા યુવાન માટે એક ઉમદા તક હતી ! કુલપતિ નિવાસમાં કાકાજી તરીકે સંબોધાતા તેમના દીકરા આદરણીય પૂજ્ય સ્વ.રમણભાઈ એન્જિનિયર જે મકાનમાં રહેતા તેમાં મને એક રૂમ ફાળવી આપેલી. અને તે સમયે ચાલતા ચારુતર વિદ્યામંડળ સંચાલિત રસોડામાં જમવાની વ્યવસ્થા ગોઠવી આપી. હતી. તા. ૧૦ ઓક્ટોબર ૧૯૬૬ થી તા.૩૧ માર્ચ ૧૯૭૦ સુધીના પૂજ્ય ભાઈકાકાના યશસ્વી જીવનના અંતિમ ચાર વર્ષ દરમ્યાન તેમના અંગત મદદનીશ તરીકે કાર્ય કરવાનો મારા જીવનની શરૂઆતમાં મને જે મોકો મળ્યો તે મારા જીવનનું ન ભુલાય તેવું એક યાદગાર પ્રકરણ છે.

પૂજ્ય ભાઈકાકા વલ્લભ વિદ્યાનગરમાં હોય ત્યારે તેમના દૈનિક કાર્યક્રમ આ પ્રમાણે રહેતો. સવારે વહેલા છ વાગે ઊઠી કુલપતિ નિવાસના વિશાળ બગીચાનાં ફળ-ફૂલના છોડ અને વૃક્ષોની સંભાળ લેતા. અને તે માટે માળી ભૈયાજીને સાથે રાખી જરૂરી સૂચનાઓ આપતા. સવારે લગભગ નવ વાગે તૈયાર થઈને આરામ ખુરશીમાં બેઠા બેઠા અખબારોનું અવલોકન કરતા હોય ત્યારે ગુજરાતભરમાંથી આવતી તેમના પરની મોટા મોટા નેતાઓથી માંડીને સામાન્ય માનવીની ટપાલોના કાગળો ખોલીને વ્યવસ્થિત ગોઠવીને હું તેમની પાસે પહોંચી જતો. એકેએક ટપાલના કાગળો ખૂબ જ રસપૂર્વક અને ધ્યાનથી વાંચતા અને તેમાંની વિગતોના જવાબો લખાવતા. તેમની બોલવાની ઝડપ પ્રમાણે ગુજરાતીમાં અને અંગ્રેજીમાં હું જવાબો લખી શકતો તેનાથી તથા મારા હસ્તાક્ષરોથી તેમને સંતોષ થતો અને કોઈવાર મને ધન્યવાદ આપીને પ્રોત્સાહન આપતા.

પ્રધાનો, ધારાસભ્યો, સ્વતંત્રપક્ષના કેન્દ્રિય નેતાઓ કે રાજ્યકક્ષાના પક્ષના સાથીદારોના પત્રો હોય કે પક્ષના કોઈ આમ કાર્યકરનો પત્ર હોય દરેકના જવાબો લખાવતા. બધા પત્રોના જવાબો જરૂર લાગે ત્યાં ટાઈપ કરાવીને અને મોટે ભાગે હાથે લખીને તૈયાર કરીને હું તેમની આગળ તેમના હસ્તાક્ષરો માટે

મૂકતો ત્યારે દરેક પત્રના જવાબો વાંચીને દરેક પત્રમાં તેઓ "ભાઈલાલનાં વંદેમાતરમ્" લખતા. ગુજરાતનાં દૂર દૂરનાં ગામડાંઓમાંથી પોતાની આપવીતી વર્ણવતા સેંકડો પત્રો આવતા અને પત્ર લખનારને આશ્વાસન મળે તેવા જવાબો લખાવતા. કોઈના લગ્ન પ્રસંગનાં-આમંત્રણનો શુભાશિષ પાઠવતો સંદેશ પણ કાર્ડ દ્વારા મોકલાવતા. દરરોજની વિવિધ ટપાલોના જવાબો ઉપરાંત જ્યારે પણ નવરાશની પળો હોય ત્યારે તેઓ અખંડ આનંદમાં મોકલવાના લેખો લખાવતા. તે વખતના અખંડઆનંદમાં તેમણે લખાવેલા લેખોનું સંકલન કરી પ્રકાશિત કરવા જેવું એક ઉમદા કાર્ય છે. તેમના વિવિધ વિષયોને સ્પર્શતા આ લેખોમાં એક નિષ્ણાત અને તજજ્ઞ એન્જિનિયરની વાસ્તવિકતા, એક કેળવણીકારની કલ્પનાશીલતા અને એક રાજકીય નેતાની કુશળતાની છાંટ દેખાઈ આવતી. તે વખતે ગુજરાતનું નવું પાટનગર ગાંધીનગર તૈયાર થઈ રહ્યું હતું ત્યારે ગાંધીનગરમાં રાજકારણના કેવા આટાપાટા ખેલાશે અને કેવા દાવપેચ રમાશે તે દર્શાવતો ખૂબ દુરંદેશીભર્યો એક લેખ તેમણે લખાવ્યો હતો.

વાલ્મિકી રામાયણના બે ભાગના સઘન અભ્યાસ ઉપરથી તેમાં આવતા ઋતુઓના સમયકાળનાં વર્ણનો અને ભગવાન રામચંદ્રજીના વનપ્રવાસનાં ભૌગોલિક વર્ણનો, તારા, નક્ષત્રો એ રાશિઓનાં ભ્રમણ સમય અને સ્થળનાં વર્ણનો ઉપરથી રાવણની લંકાનું સાચું સ્થળ કયું ? તે વિશે તેમણે એક સંશોધન લેખ લખાવ્યો હતો, જે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા તે સમયે પ્રકાશિત થયો હતો. પૂજ્ય ભાઈકાકાના રસના વિષયો વિવિધ હતા. અંગ્રેજી અને ગુજરાતીમાં તે વખતે પ્રકાશિત થતાં લેટેસ્ટ પુસ્તકો તેઓ અવશ્ય વાંચતા. રાજકારણ, શિક્ષણ ધર્મ, સાહિત્ય, સ્થાપત્ય, વિજ્ઞાન અને ટેક્નોલોજી જેવાં ક્ષેત્રોની જાણકારી અને અભ્યાસ સારાં હતાં. જ્યોતિષ પણ તેમનો પ્રિય વિષય હતો. ક્રિકેટ તેમની મનપસંદ રમત હતી. ટેસ્ટ ચાલતી હોય ત્યારે તેના વિશેની જાણકારી માટે રેડિયો કોમેન્ટરી સાંભળતા. પ્લેઈંગ કાર્ડ રમવાનો પણ તેમનો શોખ હતો. તેમના પરિવારનાં નાનાં બાળકો સાથે પણ ખૂબ રસથી પ્લેઈંગ કાર્ડ રમતાં. ભતૃહરિશતક અને શિક્ષાપત્રીના તેઓ અભ્યાસી હતા.

આ બધી કામગીરી વચ્ચે દાદાજી (ભાઈકાકા) ના વિશાળ પરિવારમાં હું થોડા જ સમયમાં ભળી ગયો હોત. તેમના સૌથી મોટી દીકરા જેમને હું 'ગોરધનબાપા' કહેતો તે આદરણીય પૂજ્ય સ્વ.શ્રી ગોરધનભાઈ અને સ્વ.પૂજ્ય કાશીબા તથા તેમનાં સંતાનો સ્વ.શ્રી અશોકભાઇ અને સ્વ. બિંદુબેન અને જેમના વધુ સંપર્કમાં રહેવાનું થતું તેવા માનનીય શ્રી સુધીરભાઈ, અવારનવાર ઈંદોરથી આવતાં માનનીય શ્રી અમીરષભાઈ, સ્વ.નીલાબેન તથા સુશ્રી હંસાબેન તથા પૂજ્ય કાકાજી અને પૂજ્ય શાંતાબા અને તેમનાં સંતાનો માનનીય ગૌતમભાઈ, સુશ્રી ધ્રુવાબેન અને સ્મિતાબેન તથા પરમપૂજ્ય ફોઈબા અને સુશ્રી માયાબેન, લોપાબેન વગેરેનાં સ્નેહભાવ અને આત્મીયતાની વચ્ચે રહીને પૂજ્ય દાદાજીનાં અંગત કાર્યોમાં મદદરૂપ થવાનું જે સૌભાગ્ય મને સાંપડ્યું હતું. તેને હું આજે પણ મારું ગૌરવ સમજું છું.

પૂજ્ય એચ.એમ.પટેલ સાહેબને ચારુતર વિદ્યામંડળ, ચરોતર ગ્રામોદ્ધાર મંડળ અને વલ્લભ વિદ્યાનગરના વિકાસની જવાબદારી સોંપી ત્યારથી ભાઈકાકાએ ગુજરાતના રાજકારણમાં પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. તેમના કર્મયોગથી ભરપૂર જીવનનાં આખરી ચાર વર્ષોમાં સરદાર પટેલની પ્રભાવશાળી અસર નીચે ગુજરાતના રાજકારણમાં વધુ ઓતપ્રોત રહ્યા હતા.

ગુજરાતની તે વખતની કોંગ્રેસ સરકારની નીતિઓ સામે તેમને ભારે અણગમો હતો. જે તેમને મળવા આવતા અન્ય મહાનુભાવો સાથેની ચર્ચામાં વિધાનસભાની બેઠકો દરમ્યાન વિધાન સભાગૃહમાં આપેલાં પ્રવચનોમાં કે ચૂંટણીની જાહેર સભાઓમાં આપેલાં વ્યાખ્યાનોમાં અને પત્રકાર પરિષદોમાં પત્રકારો સાથેના વાર્તાલાપમાં જણાઈ આવતું હતું. ગુજરાતમાં


ISSN 0976-9609

તે વખતની કોંગ્રેસના સર્વોચ્ચ શ્રી મોરારજીભાઈ દેસાઈની કોંગ્રેસ સામે ટકી શકે તેવો મજબૂત વિરોધપક્ષ હતો નહિ. આવો મજબૂત વિરોધપક્ષ ઊભો કરવા રાજાજી સ્થાપિત સ્વતંત્રપક્ષમાં જોડાવાનું તેમણે પસંદ કર્યું. જે કામ હાથમાં લીધું તેને સંપૂર્ણ જવાબદારીથી સફળતાપૂર્વક પૂરું કરવું અને આજનું કામ આજે જ કરવું તેવા તેમના સ્વભાવથી ગુજરાતમાં સ્વતંત્ર પક્ષને સ્થાપિત કરી મજબૂત બનાવવાનો નિર્ધાર કર્યો.

નવેમ્બર ૧૯૬૬માં ભાઈકાકાની સાથે સૌ પ્રથમવાર મુંબઈની મુલાકાતે જવાનું થયેલું. મુંબઈમાં અમારી સાથે ગુજરાતના તે વખતના જાણીતા પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની માનનીય (સ્વ.)શ્રી લીલાધર ભટ્ટ હતા. ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત મહાન સાહિત્યકાર ડો.કનૈયાલાલ મુનશીજી સાથેની પૂજ્ય ભાઈકાકાએ ભારતીય વિદ્યાભવનના કાર્યાલયમાં લીધેલી મુલાકાતના સાક્ષી બનવાનું સૌભાગ્ય મને સાંપડ્યું હતું. સ્વતંત્રપક્ષના તે વખતના રાષ્ટ્રીય પ્રમુખશ્રી મીનુ મસાણીજી તથા ગુજરાત સ્વતંત્રપક્ષના એક અગ્રણી નેતા અમદાવાદના મિલમાલિક શેઠ શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા સાથેની મુલાકાતોમાં સ્વતંત્ર પક્ષને મજબૂત કરવાના ધરખમ પ્રયાસો કર્યા હતા.

ગુજરાતના રાજકારણમાં બહોળી વસ્તી ધરાવતા પટેલો અને ક્ષત્રિયોની એક એકતાભરી મજબૂત ધરી ઊભી કરવામાં ગુજરાત ક્ષત્રિય સભાના આગેવાન નેતા માનનીય શ્રી નટવરસિંહજી સોલંકી, શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, હિંમતનગરના મહારાજાશ્રી, દેવગઢબારીયાના નરેશ શ્રી જયદીપસિંહજી, ખેડા જિલ્લાના કુંજરાવ ગામના ખૂબ જાણીતા આગેવાન ધારાસભ્ય શ્રી પી.ટી.પટેલ તથા સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ઘણા પટેલ અને ક્ષત્રિય આગેવાનોનો સાથ અને સહકાર મેળવવામાં પૂજ્ય ભાઈકાકા ખૂબ સફળ રહ્યા હતા.

૧૯૬૭ ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પહેલાં-અમદાવાદમાં કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડમાં સ્વતંત્ર પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું હતું. સ્વતંત્રપક્ષના તે વખતના રાષ્ટ્રીય પ્રમુખ પ્રોફેસર શ્રી એન.જી.રંગાજી, જયપુરનાં મહારાણીજી ગાયત્રીદેવી, પક્ષના સિનિયર કેન્દ્રિય નેતાઓશ્રી દાંડેકરજી, શ્રી મીનુ મસાણીજી, રાજ્યકક્ષાના અગ્રણી નેતાઓ અને હજારો કાર્યકરોની હાજરીવાળા એ અધિવેશનને નજીકથી જોવા જાણવાની તક મને મળી હતી. રાત્રે કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડમાં એક વિશાળ-માનવમેદનીથી છલકાતી જાહેરસભાનું દૃશ્ય આજે પણ મને યાદ છે. આ સભામાં પ્રોફેસર રંગાજી તથા મહારાણીજી ગાયત્રીદેવીનાં વ્યાખ્યાનો બાદ પૂજ્ય ભાઈકાકાના વ્યાખ્યાનને મેદનીએ વધાવી લીધું હતું. તે દિવસે સ્વતંત્રપક્ષ ચૂંટણીમાં ખાસ્સું કાઠું કાઢશે તે નિશ્ચિત થઈ ગયું હતું. ૧૯૬૭ નાં વર્ષની ગુજરાત વિધાન સભાની સામાન્ય ચૂંટણીઓમાં કોંગ્રેસને પરાજય આપવા માટે તેમના સમગ્ર ગુજરાતમાં યોજાયેલાં ચૂંટણી પ્રચાર કાર્યના પ્રવાસ દરમ્યાન સતત તેમની સાથે રહેવાનું મળ્યું હતું. તેમની ગાડીના ડ્રાઈવર શ્રી ખોડાભાઈ તથા અંગત સેવકશ્રી બકોરભાઈ પણ સતત સાથે જ રહેતા.

ઘણી વખત ચૂંટણીના આ પ્રચાર પ્રવાસમાં મહેસાણા જિલ્લાના સામેત્રા ગામના સ્વતંત્રપક્ષના જોરદાર પ્રચારક અને અસરકારક વક્તા શ્રી કેશુકાકા, કવિ પથિકજી તથા કોઈવાર સ્વ.નટવરલાલ દવે સાહેબ સાથે આવતા. સૌરાષ્ટ્રમાં અમરેલી, સાવરકુંડલા, ધોરાજી, જૂનાગઢ તથા ઉત્તર ગુજરાતનાં મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને દક્ષિણ ગુજરાતનાં સુરત, વલસાડ, નવસારી અને ડાંગ, બીલીમોરા, ચીખલી વગેરે જિલ્લાના મત વિસ્તારોના ચૂંટણી પ્રચાર પ્રવાસ દરમ્યાન તેમનામાં એક મહાન અને કર્મઠ વ્યક્તિત્વનાં જ દર્શન મને થતાં રહ્યાં.

મેં જોયેલું કે ગુજરાતના ગામડે ગામડે ચૂંટણી સભાઓમાં પૂજ્ય ભાઈકાકાને સાંભળવા ઘણી મોગલ સંખ્યામાં મેદની ઊમટી પડતી. તે વખતની

અસહ્ય મોંઘવારીથી ત્રસ્ત જનતાની મુશ્કેલીઓને તેઓ તેમના વ્યાખ્યાનમાં સ્થાન આપતા. ઉત્તર ગુજરાતના જિલ્લાનાઓનાં ગામડાંઓમાં તેમનું અભુતપૂર્વ અને શાનદાર સ્વાગત થતું ગામને પાદરે તેમને ગાડીમાંથી ઉતારી શણગારેલાં ગાડાંઓને બેસાડી લોકો તે ગાડાંને સ્વયં ખેંચીને તેમને સભાસ્થળે લઈ આવતા. દરેક જિલ્લાનાં અને તાલુકાના પક્ષના નેતાઓ અને ગામડાનાં અદના કાર્યકરોને તેઓ નામથી ઓળખાતા. તેમની અને તેમનાં પરિવારની ખબર અંતર પૂછતાં.

ચૂંટણીની જાહેર સભાઓમાં તે વખતની કોંગ્રેસની પરમીટ, કોટા અને લાયસન્સ રાજની ગતિવિધિઓ કઈ રીતે ગુજરાતની જનતાને પરેશાનકર્તા છે તેવું સમજાવતાં અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપતાં. આ વ્યાખ્યાનો દ્વારા તે વખતની મોંઘવારી ખાસ કરીને તેલ અને ખાંડના ભાવ વધારાના પ્રશ્નોને લઈને લોકોની નાડ પારખીને તેમણે ગુજરાતના રાજકારણમાં લોકજાગૃતિનું ખૂબ જ અદ્ભૂત કામ કર્યું હતું. ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં યોજાતી ચૂંટણી સભાઓમાં ગુજરાતની વિકાસની તેઓ વાતો કરતા. ગુજરાતના ખેડૂતોની ગુજરાતની ખેતી અને સિંચાઈની તથા ગુજરાતના ગ્રામીણ વિસ્તારના શિક્ષણની તેમની ચિંતાઓ વ્યક્ત કરતા અને તેના વૈકલ્પિક ઉપાયો પણ સૂચવતા. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના વિકાસને ગુજરાતનાં વિકાસનો પ્રાણપ્રશ્ન ગણીને તે વખતે નર્મદા યોજના માટે રચાયેલા ખોસલા પંચના અહેવાલનો આધાર લઈ નર્મદા યોજનાનાં કામો તાકીદે હાથ ધરવા તેમણે ગુજરાતની તે વખતની કોંગ્રેસ સરકારને અનુરોધ કર્યો હતો. જો કે તે વખતની ગુજરાત સરકારે તેમનાં નર્મદા યોજનાના અને તેને લગતા ખોસલા પંચના અભ્યાસ અને નિષ્ણાત એન્જિનિયર તરીકેના અનુભવોને ધ્યાનમાં લઈ ગુજરાતના એક અગ્રણી રાજકીય નેતા તરીકે મધ્ય પ્રદેશના તે વખતના મુખ્ય પ્રધાન શ્રી ડી. પી. મિશ્રા સાથે નર્મદા યોજનાના ગુજરાતના દષ્ટિબિંદુ અંગ ચર્ચા-મંત્રણા કરવા માટે પૂજ્ય ભાઈકાકાને મોકલ્યા હતા. અને તે ચર્ચા-મંત્રણાઓમાં ગુજરાતની નર્મદા યોજના અંગેના આયોજન અને માંગણીઓને સ્વીકારવામાં તેઓ સફળ રહ્યા હતા.

નર્મદા યોજનાનું અમલીકરણ તેમનો મનપસંદ વિષય હતો. સિંધુ નદી પરના સક્કર બરાજ ડેમની માફક નવાગામ ડેમને ચરિતાર્થ કરી ગુજરાતની આ મહત્ત્વાકાંક્ષી યોજનાને મૂર્તસ્વરૂપ આપી ગુજરાતને ખેતીવાડી તથા વીજળીના ક્ષેત્રમાં સ્વાવલંબી બનાવી ગુજરાતના ખેડૂતોની, ગુજરાતની ખેતી અને સિંચાઈની તથા ગુજરાતના ગ્રામીણ વિસ્તારના શિક્ષણના પ્રશ્નોની હરપળે તેમને ચિંતા રહેતી હતી. ૧૯૬૭ની ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓનું વર્ષ સ્વતંત્રપક્ષની પૂજ્ય ભાઈકાકાની સરકાર સ્થાપવામાં થોડું કમનસીબ પુરવાર થયું ! એક પારદર્શી પ્રામાણિક રાજકીય નેતા તરીકે જનતાનો ચુકાદો માથે ચડાવી મજબૂત અને અસરકારક વિરોધપક્ષના નેતા બન્યા. ૧૯૬૭ની ચૂંટણીનાં પરિણામોથી તેઓ ગુજરાતના એક ખમતીધર નેતા-લોકનેતા-તરીકે ઉભરી આવ્યા હતા. ગુજરાતની તે વખતની ચૂંટણીની નેતાગીરી જેમની પાસે હતી તે ખૂબ જાણીતી દેસાઈ ત્રિપુટીની મજબૂત કોંગ્રેસ સામે જબરજસ્ત રાજકીય પડકાર તેમણે ઊભો કર્યો હતો.

કોંગ્રેસના આકરા ટીકાકાર હોવા છતાં ઘણા કોંગ્રેસીઓ સાથે નોંધપાત્ર અંગત સંબંધો હતા. ગુજરાતનાં હિતમાં તે વખતના મુખ્યપ્રધાન (સ્વ.) શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈને તેઓ વિરોધપક્ષના નેતા તરીકે ઘણી બાબતોમાં સાથ અને સહકાર આપતા હતા. મુખ્યપ્રધાન અને વિરોધપક્ષના નેતા વચ્ચે ઉષ્માભર્યા અંગત સંબંધો હતા. તેનો ખ્યાલ મહેસાણાની એક જાહેર ચૂંટણી સભા પરથી મને આવેલો. મહેસાણાની એ વિરાટ જાહેર સભામાં કડી સર્વ વિદ્યાલયના સ્થાપક અને ખેડૂત નેતા (સ્વ.) શ્રી પરસોત્તદાસ પટેલ (દાસકાકા) જેઓ કોંગ્રેસમાં હતા તેમના વિરુદ્ધ પોતાની ચરોતરી પાટીદારની આખા


ISSN 0976-9609

બોલી લઢણમાં જોરદાર ભાષણ આપ્યું હતું. અને બીજા જ દિવસે સવારે એ જ દાસકાકાના મહેસાણાના નિવાસસ્થાને 'ચા-પાણી' માટે પહોંચી જઈને તેમની પારદર્શી નિખાલસતાનો પરિચય આપ્યો હતો. મારા જેવા માટે આ એક વિસ્મયકારક પ્રસંગ હતો ! સ્વ. શ્રી દાસકાકાએ પણ તેમનું ઉમળકાભેર ખૂબ જ ભાવભીનું સ્વાગત કર્યું હતું ! આજના રાજકારણમાં આવા નેતા જોવા કે મળવા દુર્લભ છે.

કોંગ્રેસે માજી વડાપ્રધાન નરસિંહરાવજીના સમયથી અપનાવેલ ઉદારીકરણના પ્રવાહને રાજાજી સ્થાપિત સ્વતંત્રપક્ષે ૧૯૬૭માં મુક્ત વેપાર, મુક્ત ખેતી અને સામાજીક ન્યાયનાં સિદ્ધાંતને અમલમાં મૂકવાનું નક્કી કર્યું હતું. પૂજ્ય ભાઈકાકાની અગેવાની હેઠળ ગુજરાતની જનતાએ તેઓને સારો પ્રતિભાવ તે સમયે આપ્યો હતો. ચૂંટણી પ્રચારના સતત અને લાંબા-ટૂંકા પ્રવાસો પછી રાત્રિની જાહેરસભાઓમાં જાહેર જનતાને તથા પક્ષના કાર્યકરોએ અદમ્ય જુસ્સાથી સંબોધવામાં તથા વિધાસભાની વિવિધ બેઠકોના ઉમેદવારોની પસંદગી કરવામાં પક્ષની ચૂંટણી સમિતિ કે પાર્લામેન્ટરી બોર્ડની લાંબી મિટિંગો દરમ્યાન એટલી મોટી ઉંમરે જરાપણ થાકનો અનુભવ કરતા મેં જોયા ન હતા. ઝડપથી ઉકેલ આવતો ન હોય કે નિર્ણય લઈ શકાતો ન હોય તે બાબતોની વચ્ચે પણ રાત્રે નિશ્ચિંતતાથી ઊંઘ લેતા અને બીજા દિવસે સવારે તેવી બાબતોના ઝડપી ઉકેલ લાવી શકતા.

પૂજ્ય ભાઈકાકાનું ગુજરાતના રાજકારણમાં એક મહત્ત્વનું પ્રદાન હતું. શ્રી એચ.એમ.પટેલ સાહેબને પોતાના રાજકીય વારસદાર ગણાવી રાજકારણમાં ખેંચી લાવવાનું ! તેમના જેવા મેધાવી વ્યકિતત્વ ધરાવતા અમલદારને રાજકારણમાં જોતરી ગુજરાતના વિકાસમાં સંસદસભ્ય અને ધારાસભ્યના સ્વરૂપમાં ગુજરાતને તેમનો લાભ મળે તેવો ઈરાદો રાખ્યો હતો. પૂજ્ય પટેલ સાહેબે પણ ગુજરાતના રાજકારણને પ્રભાવિત કર્યું હતું. સમય અને સંજોગોએ તેમને (સ્વ.) શ્રી મોરારજીભાઈ દેસાઈની જનતાપક્ષની સરકારમાં નાણાપ્રધાન અને ગૃહપ્રધાન તરીકે સ્થાપિત કર્યા હતા. પૂજ્ય ભાઈકાકાની દુરંદેશીની આ ખૂબ મોટી સફળતા હતી ! કર્મયોગી જીવનનાં અંતિમ ચાર વર્ષોમાં જૈફ વયે એક યુવાનની માફક તેઓ કામ કરતા. નર્મદા યોજનાનાં સ્વપ્નને સાકાર કરી ગુજરાતને નંદનવન બનાવવાની તેમને અદમ્ય ખ્વાહિશ હતી વલ્લભ વિદ્યાનગર જેવાં સાધનસંપન્ન ગામડાંઓનું નિર્માણ કરવાનો તેમનો મનસૂબો હતો. ૧૯૬૭ માં ગુજરાતની જનતાએ તેમને સત્તાનાં સૂત્રો સોંપ્યાં હોત તો પ્રામાણિક અને પારદર્શી વહીવટ દ્વારા ગુજરાતનો આંખે ઊડીને વળગે તેવો વિકાસ કરી શક્યા હોત, તેવું કહેવામાં મને કોઈ અતિશયોક્તિ લાગતી નથી.

પૂજ્ય ભાઈકાકાને તેમનાં દરેક કાર્યોમાં સારા અને ઉત્તમ સાથીદારો મળતા રહ્યાં હતા. તે પૈકીના એચ.એમ.પટેલ સાહેબ, ચીમનભાઈ દેસાઈ સાહેબ તથા શાંતિભાઈ અમીન સાહેબ જેવા મહાનુભાવોને અને તેમની કાર્યશૈલીને નજીકથી જોવાનો જે મોકો મળ્યો તેને હું મારું અહોભાગ્ય સમજું છું ! ભાઈકાકાની સાથે રહેવાથી પ્રાતઃસ્મરણ પૂજ્યપાદ યોગીજી મહારાજનાં દર્શનનો લાભ પણ મળ્યો હતો.

છેલ્લે છેલ્લે પૂજ્ય ભાઈકાકા બિમાર પડ્યા અને વડોદરાની હોસ્પિટલમાં દાખલ થયા પછી સારવાર લઈને વિદ્યાનગર ઘરે આવ્યા ત્યારે હું તેમની ખબર જોવા ગયો હતો. મને જોઈને તરત બોલાવીને કહ્યું કે, અનિલભાઈ, હવે આપણે મહાભારતની દ્વારિકાનું સાચું સ્થળ કયું તે અંગે લેખ લખવાનો છે. મેં કહેલું કે, દાદાજી, આપની તબિયત બરાબર સ્વસ્થ થઈ જાય પછી લખીએ એટલે તેમણે તરત જ કહેલું કે અનિલભાઈ, મારું શરીર બિમાર છે ! મારું મન અને મગજ ઓછાં બિમાર છે ? હું સૂતાંસૂતા લખાવીશ. અને તે લેખ લખાય તે પહેલાં ગુજરાતની રાજ્યસભાની બેઠકોની ચૂંટણીમાં મતદાન કરવા માટે અમદાવાદ ગયા અને તેમની રાજકીય ફરજ બજાવ્યા પછી ત્યાંથી પાછા આવી શક્યા નહિ ! ગુજરાતની ચિંતા પોતાના રાજકીય સાથીદારો અને વિરોધીઓ

પર છોડી ચિરવિદાય થયા ! અમદાવાદથી વિદ્યાનગર આવતા તેમના પાર્થિવ દેહને સમગ્ર વિસ્તારના લોકોએ અનન્ય આત્મીયતાભાવથી પુષ્પાંજલિઓ અર્પી હતી. સ્વ.પૂજ્ય ભાઈકાકાની હાલની સમાધિના સ્થળે તેમના અંતિમ સંસ્કાર વખતે વલ્લભવિદ્યાનગરમાં ભારે મેદની એકઠી થઈ હતી. ગુજરાતના વિવિધ પક્ષના નેતાઓ અને અધિકારીઓ આવ્યા હતા, જેમણે ભવ્ય શ્રદ્ધાંજલિઓ અર્પણ કરી હતી, તેમાં મને તે વખતના ગુજરાતના નાણામંત્રી સનતભાઈ મહેતાએ આપેલી શ્રદ્ધાંજલિ આજે પણ યાદ છે. તેમણે કહેલું કે, ભાઈકાકા જ્યારે પણ ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રવેશ કરતા ત્યારે સમગ્ર ગૃહમાં એક પ્રકારની ઉષ્મા પ્રસરી જતી. મુખ્યમંત્રી સહિત શાસકપક્ષના ધારાસભ્યો પણ તેમને ખૂબ જ માનથી વિધાનસભા ગૃહમાં આવકારતા ! સ્વ.પૂજ્ય ભાઈકાકાના સ્વરૂપમાં ગુજરાતની જનતાએ તેના વિકાસ અને કલ્યાણની સતત ચિંતા સેવનારો એક લોકનેતા ગુમાવ્યો હતો ! એ દિવસ હતો ! એ દિવસ હતો ૩૧ માર્ચ ૧૯૭૦ !

ચારુતર વિદ્યામંડળ, ચોતરફ ગ્રામોદ્ધાર મંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી અને વલ્લભ વિદ્યાનગર જેવા એક આદર્શ ગ્રામનગરના નિર્માણથી તથા ગુજરાતના રાજકારણમાં પોતાના મહત્ત્વના પ્રદાનથી ગુજરાતના મહાન સપૂતોની યાદીમાં તેમનું સ્થાન યાવતચંદ્રદીવાકરૌ રહેશે. તેમના પારદર્શી પ્રામાણિક અને નિખાલસ કર્મયોગી યશસ્વી જીવનમાંથી ભવિષ્યના એન્જિનિયરો, કેળવણીકારો કે રાજકીય નેતાઓ બનવા માગતા યુવાનો માટે મહાન પ્રેરણાસ્ત્રોત મળી શકે એમ છે !

પૂજ્ય ભાઈકાકા જેવા, સંતોથી પણ મૂઠી ઊંચેરા સંત અને કર્મયોગફી એન્જિનિયર, કેળવણીકાર અને રાજનેતા મળવા દુર્લભ છે ! સદૈવ ખાદીનો લાંબા ઝભ્ભો, ખાદીનું ધોતિયું, કાળી ટોપી, આંખે ચશ્માં અને હાથમાં લાકડીથી ભર્યુંભર્યું તેમનું વ્યક્તિત્વ અને પારદર્શી પ્રમાણિકતાથી સર્જિત નિર્ભયતા તથા ચરોતર પાટીદારની ઓજસિવ્તા આજના રાજકીય નેતાઓમાં ભાગ્યે જ જોવા મળે છે.

---

પૂ. શ્રી ભાઈકાકાની જન્મજયંતિ ૭ જૂન નિમિત્તે વિ.વિદ્યાનગરમાં અગાઉ પ્રકાશિત થયેલ લેખ પુનઃમુદ્રિત કરેલ છે.

એમ.યુ.પટેલ હાઈસ્કૂલ, નિવૃત્ત

---

## નિષ્ઠાવાન સાહિત્યકાર અને માનવતાવાદી સર્જક પ્રવીણ ગઢવીની વિદાય

*સંવેદનશીલ સર્જક અને એક સનદી અધિકારી રૂપે અનેક સરકારી ઉચ્ચ હોદ્દાએ જેમણે એમના માનવતાવાદી અભિગમ સાથે દીપાવ્યા તેવા એક કર્મઠ સરકારી અધિકારી અને પ્રતિબધ્ધ સાહિત્યકાર ‘ગઢવી સાહેબે’ તા. ૧૯ મે ૨૦૨૫ ના રોજ આપણી વચ્ચેથી આઘાતજનક વિદાય લીધી છે. વિ-વિદ્યાનગર સામયિકમાં નિયમિતપણે તેમની કૃતિઓ નિબંધ સ્વરૂપે પ્રકાશિત થતી રહી છે. જેમાં તેઓનો પ્રકૃતિ પ્રત્યેનો સંબંધ અને સંવેદશીલતાની વાચકોને પ્રતીતિ થતી રહી છે. ગુજરાતી સાહિત્ય જગતે પ્રવીણ ગઢવીની આકસ્મિક વિદાયથી એક વિચક્ષણ સાહિત્યરત્ન ગુમાવ્યું છે. વિ-વિદ્યાનગર સામયિક હૃદયપૂર્વક ગઢવી સાહેબને શ્રદ્ધાસુમન અર્પણ કરે છે.*

**– તંત્રી મંડળ**


ISSN 0976-9609

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ) ને સ્કૂલ એક્રેડિટેશનમાં A+ ગ્રેડ પ્રાપ્ત થયો.

ગુજરાત રાજ્યની માત્ર ૧૪૧ શાળાઓને મળેલ શ્રેષ્ઠ માન્યતા વિદ્યા અને સંસ્કારના પ્રેરણાસ્ત્રોત સમાન ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)ને ગુજરાત રાજ્ય શાળા એક્રેડિટેશન અંતર્ગત A+ ગ્રેડ પ્રાપ્ત થયો છે. જે સમગ્ર વી.વી.નગર અને ચરોતર વિસ્તારમાં હર્ષ અને ગૌરવનો વિષય બન્યો છે.

ગુજરાત રાજ્યની અંદર ૪૦,૦૦૦થી વધુ માધ્યમિક શાળાઓમાંથી માત્ર ૧૪૧ શાળાઓને જ A+ ગ્રેડ આપવામાં આવ્યો છે. જે પૈકી આ શાળાનો સમાવેશ થવો એ તેની ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તા અને નિયત કાર્યપદ્ધતિનું જીવંત ઉદાહરણ છે.

શાળામાં વર્ષ દરમિયાન લેવાતી સામાયિક અને સત્રાંત કસોટીઓ, રમતગમત, શૈક્ષણિક તથા સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓનું સર્વાંગી મૂલ્યાંકન, નિયમિત આયોજન અને પરિણામલક્ષી અભિગમ વગેરે મુદ્દાઓના આધારે આ ગ્રેડ ફાળવવામાં આવ્યો છે.

શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટના સચોટ માર્ગદર્શન હેઠળ શિક્ષકમંડળે પ્રયત્નશીલ અભિગમ અપનાવી વિદ્યાર્થીઓને સતત ઉત્તમ પરિણામ માટે પ્રેરિત કર્યા છે. વિદ્યાર્થી હિતને કેન્દ્રમાં રાખી શિક્ષણક્ષેત્રે કરાયેલા અવિરત પ્રયત્નોનો આજે રાજ્ય સ્તરે માન્ય સ્વરૂપે સ્વીકાર થયો છે.

આ ઝળહળતી સફળતા બદલ ચારૂતર વિદ્યામંડળ, શાળાની વ્યવસ્થાપન સમિતિ તથા સમગ્ર શિક્ષણ પરિવાર દ્વારા ગર્વભેર અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### "સીવીએમયુની એડીઆઇટી કોલેજમાં એનસીસીનો રેન્ક સેરેમની યોજાયો."

સીવીએમ યુનિવર્સિટીની ન્યૂ વિદ્યાનગર સ્થિત એડીઆઈટી કોલેજના ઓડિટોરિયમ ખાતે તારીખ ત્રીજી મે ૨૦૨૫ ના રોજ એનસીસી કેડેટ્સનો રેન્ક સેરેમની યોજાયો હતો.

એનસીસી કોર્ડિનેટર ડો. શિવકુમાર સિંઘના જણાવ્યા મુજબ આ વિશેષ પ્રોગ્રામમાં લેફ્ટનન્ટ કર્નલ રાહુલ ભોરાસકર વિશેષ રૂપે હાજર રહ્યા હતા. તેમણે એનસીસી કેડેટ્સને જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહક સ્પીચ આપી હતી. આ કાર્યક્રમમાં શ્રી મનોજ શર્મા, તથા શ્રી પુનિતની પણ પણ વિશેષ રૂપે હાજરી રહી હતી.

એડીઆઇટી પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘે એમના પ્રવચનમાં શિસ્તતા અને પ્રતિબદ્ધતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ અનોખા કાર્યક્રમના આયોજન બદલ સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ માનનીય શ્રી ભીખુભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.



## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃતિ કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.


**ડૉ. ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ (N.V.P.A.S.), વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com., urvish.chhaya@gmail.com


**લવાજમ**

| | |
|---|---|
| **વાર્ષિક** | : + ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ + ૧૦૦ |
| **આજીવન** | : + ૧૫૦૦ |
| **વિદેશમાં** | : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |

# Charutar Vidya Mandal - Vallabh Vidyanagar

## Secondary & Higher Secondary Schools Board Exam Result : (Education Year : 2024-25)

| Sr. No. | Name of School | Appeared in Exam | Pass | Fail | Grade | | | | | | | | July | Total Pass | School Result % | Board Result % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | A1 | A2 | B1 | B2 | C1 | C2 | D | E | | | | |
| | **Secondary Section** | | | | | | | | | | | | | | | |
| 1. | I.B.Patel English School (GIA) | 159 | 141 | 18 | 6 | 22 | 31 | 45 | 33 | 4 | 0 | 0 | 0 | 141 | 88.68 | 83.08 |
| 2. | I.B.Patel English School (SF) | 136 | 135 | 1 | 22 | 42 | 33 | 27 | 10 | 0 | 0 | 1 | | 134 | 99.26 | 83.08 |
| 3. | G. J. Sharda Mandir | 234 | 222 | 12 | 7 | 23 | 32 | 55 | 71 | 34 | 0 | | | 222 | 94.87 | 83.08 |
| 4. | M. U. Patel Technical | 151 | 102 | 49 | 1 | 8 | 15 | 25 | 27 | 21 | 5 | 0 | 29 | 102 | 67.55 | 83.08 |
| 5. | S. D. Desai High School | 76 | 58 | 18 | 0 | 1 | 9 | 12 | 16 | 18 | 2 | 18 | | 58 | 76.32 | 83.08 |
| 6. | M. S. Mistry High School | 37 | 35 | 2 | 1 | 6 | 8 | 13 | 4 | 3 | 0 | 2 | | 35 | 94.59 | 83.08 |
| 7. | V & C Patel English School (C.B.S.E.) | 118 | 118 | 0 | | | | | | | | | | | 100.00 | 93.66 |
| | **Total** | 911 | 811 | 100 | 37 | 102 | 128 | 177 | 161 | 80 | 7 | 21 | 29 | 692 | 89.02 | |
| | **Higher Secondary Section** | | | | | | | | | | | | | | | |
| 1. | R. P. T. P. HSC (Science Stream) | 545 | 456 | 89 | 4 | 39 | 91 | 94 | 99 | 89 | 38 | 2 | | 454 | 83.67 | 83.51 |
| 2. | S. M. Patel HSC (Home Science) | 67 | 63 | 4 | 0 | 6 | 19 | 22 | 8 | 7 | 1 | 4 | | 63 | 94.03 | 90.81 |
| 3. | T. V. Patel HSC (Com.- Arts Stream) | 383 | 352 | 31 | 5 | 28 | 73 | 101 | 104 | 39 | 2 | 0 | 30 | 352 | 91.91 | 93.07 |
| 4. | V & C Patel English School (Sci.) (CBSE) | 91 | 90 | 1 | | | | | | | | | | 90 | 98.90 | 88.39 |
| | **Total** | 1086 | 961 | 125 | 9 | 73 | 183 | 217 | 211 | 135 | 41 | 6 | 30 | 959 | 88.49 | |

BOOK POST
June 2025

V-Vidyanagar 27 (06)
Published on 05/06/2025
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ એન્જિ. શ્રી ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલને ગુજરાતના સર્વોચ્ચ સન્માન ''ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૫'' થી સન્માનવામાં આવ્યા.



તા. ૦૧/૦૫/૨૦૨૫ ને ગુરુવારના રોજ ગુજરાત રાજ્યના ૬૫મા સ્થાપનાદિનની ગુજરાત ગૌરવ દિવસ તરીકે ભવ્ય ઉજવણી પંચમહાલ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્યના વ્યક્તિ વિશેષ સન્માન અંતર્ગત શૈક્ષણિક ક્ષેત્રની પ્રસંશનીય કામગીરી માટે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ એન્જિ. શ્રી ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલને રાજ્યપાલ માનનીયશ્રી દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ''ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૫'' થી સન્માનવામાં આવ્યા છે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે તેઓએ સુકાન સંભાળ્યા બાદ તેઓની દિર્ઘદ્રષ્ટિ અને માર્ગદર્શન હેઠણ ૨૦૧૯માં ચારુતર વિદ્યામંડળને ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રાઈવેટ યુનિવર્સિટી તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ છે. ચારુતર વિદ્યામંડળ અને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી (The CVM University) જેવી વિરાટ શિક્ષણ સંસ્થાઓના સુકાની તરીકે સેવા પ્રદાન કરતા બીવીએમ એન્જિનિયરીંગ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી કર્મઠ કાર્યકર, કુશળ ઈજનેર અને શિક્ષણવિદ્ એન્જિ. ભીખુભાઈ બી. પટેલ પોતીકી કુનેહભરી દીર્ઘદષ્ટિથી વિદ્યાયજ્ઞની અખંડ જ્યોત જલાવી રહ્યા છે. કુશળ સંચાલક તરીકે શ્રી ભીખુભાઈ બી. પટેલ ઔદ્યોગિક ક્રાંતિયુક્ત ભવિષ્યની માંગને ધ્યાનમાં રાખી નૂતન વિદ્યાસંસ્થાઓ અને અદ્યતન અભ્યાસક્રમો દાખલ કરીને વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, એન્જિનિયરિંગ, આર્કીટિક્ટ, કાયદો, આયુર્વેદ, હોમિયોપેથિક, નર્સિંગ, ફીઝીયોથેરાપી, ફાઈન આર્ટ્સ, રમતગમત, સંગીત, નૃત્યની વિવિધ શિક્ષણ સંસ્થાઓને ગુજરાતની અગ્રીમ સંસ્થાઓનો દરજ્જો અપાવી રહ્યા છે. ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિવર્સિટી પરિવાર એન્જિ.શ્રી ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલને ગુજરાત સરકારશ્રી દ્વારા એનાયત કરવામાં આવેલ ''ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૫'' બદલ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )